પરિશિષ્ટ - 4

માર્ગદર્શન નોંધ - ગ્રાહકો (client / investor) માટે શું કરવું અને શું ન કરવું

શું કરવું

1. માત્ર એક્સચેન્જના રજિસ્ટર્ડ સભ્યો મારફતે વેપાર કરવો. સભ્ય (Members/Stock Brokers) એક્સચેન્જ સાથે રજીસ્ટર થયેલ છે કે કેમ તે જોવા માટે નીચેની લિન્ક પર એક્સચેન્જની વેબસાઇટ ચકાસો ....
2. તમે ટ્રેડિંગ શરૂ તે પહેલાં પ્રમાણભૂત 'તમારા ક્લાઈન્ટ જાણો (KYC)' ફોર્મ ભરવા પર ભાર મૂકો.
3. અનન્ય ક્લાઈન્ટ કોડ (UCC) મેળવવામાં પર ભાર મૂકો ખાતરી કરો કે તમારા બધા સોદા જણાવેલ UCC હેઠળ કરવામાં આવે છે.
4. પ્રમાણભૂત 'રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ' ('Risk Disclosure Agreement') વાંચવા અને તેના પર સહી કરવા પર ભાર મૂકો.
5. તમારા KYC અને/અથવા તમારા દ્વારા સભ્યો સાથે, સભ્યો તરફથી ચલાવવામાં આવેલ અન્ય દસ્તાવેજો ની નકલ મેળવો.
6. નીચેની લિન્ક .... પર એક્સચેન્જ વેબસાઇટ પર ઉપલબ્ધ ટ્રેડ ચકાસણી સુવિધા દ્વારા એક્સચેન્જ ખાતે હાથ ધરવામાં આવતા સોદાની યથાર્થતા ચકાસો. સોદાઓને ઓનલાઇન ચકાસી શકાય છે જયાં ટ્રેડ માહિતી ટ્રેડના દિવસથી 5 દિવસો સુધી ઉપલબ્ધ હોય છે.
7. ટ્રેડના 24 કલાકમાં દરેક ચલાવવામાં ટ્રેડ માટે, તમારા UCC સાથે ટ્રેડ વિગતો પ્રકાશિત કરી સ્પષ્ટ ફોર્મેટમાં યોગ્ય કરાર નોંધનો આગ્રહ રાખો.
8. ખાતરી કરો કે જે કોન્ટ્રેક્ટ નોટ તમામ સંબંધિત જાણકારી જેમકે સભ્ય નોંધણી નંબર, ઓર્ડર નં, ઓર્ડર તારીખ, ઓર્ડર સમય, ટ્રેડ નં, ટ્રેડ દર, જથ્થો, આર્બિટ્રેશન કલમ, વગેરે સમાવે છે.
9. માર્જિન તરફ સભ્ય સાથે જમા કોલેટરલ માટે રસીદ મેળવો.
10. નિયમો, પેટા-નિયમો, નિયમનો, પરિપત્રો, નિર્દેશો, એક્સચેન્જના સૂચનાઓ તેમજ નિયમનકર્તાઓ, સરકાર અને અન્ય અધિકારીઓના તમારા વિરૂદ્ધ સભ્યના અધિકારો અને ફરજો જાણવા.
11. ટ્રાન્ઝેક્શન્સ પહેલાં બધા સંબંધિત પ્રશ્નો પૂછો અને તમારી શંકાઓ દૂર કરો.
12. દરેક પતાવટ માટે બીલ પ્રાપ્ત કરવા પર ભાર મૂકો.
13. તમારા ખાતાવહી એકાઉન્ટના માસિક નિવેદનો પર ભાર મૂકો અને 7 કામના દિવસોની અંદર તમારા સભ્યને સ્ટેટ્મેન્ટમાં કોઇપણ ખામીની જાણ કરો. અસંતોષજનક પ્રતિભાવના કિસ્સામાં ખામીની જાણ એક્સચેન્જમાં આ કાર્ય થયાની તારીખથી 15 કામના દિવસોની અંદર કરો.
14. તમે તમારા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસેથી પ્રાપ્ત કરો છો તે ટ્રાન્ઝેકશન અને હોલ્ડિંગ નિવેદનો બંનેની ચકાસણી બારીકાઈથી કરો.
15. DP દ્વારા જારી કરવામાં આવતી ડિલવરી સૂચના સ્લિપ (DIS) બુક સલામત કબજામાં રાખો.

16. ખાતરી કરો કે DIS નંબર અગાઉથી પ્રિન્ટ થયેલ છે અને તમારો અકાઉન્ટ નંબર (UCC) DIS બુકમાં દર્શાવવામાં આવેલ છે.
17. લાંબા સમય સુધી તમારી ગેરહાજરી અથવા વારંવાર એકાઉન્ટનો ઉપયોગ કરતા નથી તેવા કિસ્સામાં તમારૂ ડિમેટ અકાઉન્ટ ફ્રીજ કરો.
18. જરૂરી માર્જિન સમયસર અને ચેક દ્વારા જ ચૂકવો અને તેની રસીદ સભ્ય પાસેથી માંગો.
19. સૂચવવામાં આવેલ સમયમાં વેચાણ કિસ્સામાં કોમોડિટીઝ(Commodities) વિતરિત કરો અથવા ખરીદવાના કિસ્સામાં પૈસા ચૂકવો.
20. ડેરિવેટિવ્ઝ માટે હિસાબી ધોરણો સમજો અને તેનું પાલન કરો.
21. જો તમારી અને સભ્યની વચ્ચે કોઇ સ્વૈચ્છિક કલમો હોય તેને વાંચી, સમજી અને પછી સહી કરવાની ખાતરી કરો. નોંધો કે તમે અને સભ્ય વચ્ચે સંમત કલમો તમારી સંમતિ વિના બદલી શકાતી નથી.
22. ટ્રેડિંગ માટે સભ્ય દ્વારા તમારા પર લાદવામાં આવેલ બધા બ્રોકરેજ, કમિશન, ફી અને અન્ય ખર્ચ અને SEBI કોમોડીટી એક્સચેન્જ (Commodity Exchanges) દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ સંબંધિત જોગવાઈઓ / માર્ગદર્શિકા વિશે સ્પષ્ટ ખ્યાલ મેળવો.
23. સભ્યને એકાઉન્ટ પેયી ચેક દ્વારા ચૂકવણી કરો. ખાતરી કરો કે તમારી પાસે તમારી ચૂકવણી/ સભ્ય સાથે કોમોડિટીના થાપણ, જણાવેલ તારીખ, કોમોડિટી, જથ્થો, જે બેન્ક / ડિમેટ એકાઉન્ટ જેમાં પૈસા કે કોમોડિટી (વેરહાઉસ રસીદો સ્વરૂપમાં) જમા થયેલ હોય અને બેન્ક/ ડિમેટ અકાઉન્ટ જેમાંથી તે આવેલ હોય તેના દસ્તાવેજી પુરાવાઓ છે.
24. ભંડોળની ચૂકવણીનો અથવા કોમોડીટીઝની ડિલેવરી (કે જે કિસ્સો હોય શકે) એક્સચેન્જ પાસેથી ચૂકવણી મળ્યાના એક કામના દિવસની અંદર તમને આપવામાં આવશે નહીં, જો તમે સભ્યને રનિંગ એકાઉન્ટ જાળવવા માટે ચોક્કસ અધિકૃતિ આપેલ છે. આમ, આ વિશે, તમારા દ્વારા સભ્યને આપવામાં આવેલ રનિંગ એકાઉન્ટ અધિકૃતિ નીચેની શરતોને આધીન રહેશે:
    a) આવી અધિકૃતિ તમારા દ્વારા જ તારીખ લખી શહી કરેલ હોવી જોઇશે અની એવી કલમ હોવી જોઇશે કે તમે કોઇપણ સમયે તેને રદ્દ કરી શકો છો.
    b) તમારે ફંડ/ કોમોડિટીઝ અથવા સ્ટેટમેન્ટ મળ્યાના ખાસ કરીને 7 (સાત) કામના દિવસોની અંદર લેખિતમાં સભ્યને અકાઉન્ટના સ્ટેટમેન્ટમાં ઉદ્દભવેલ કોઇપણ વિવાદ ધ્યાનમાં લાવવો જોઇએ, જે રીતે ઘટના હોય તે મૂજબ. વિવાદના કિસ્સામાં, વિલંબ કર્યા વગર સંબંધિત કોમોડિટી એક્સચેન્જ રોકાણકારોના ગ્રીવન્સ સેલમાં લેખિતમાં બાબતને સંદર્ભિત કરો.
    c) તમે ચાલી એકાઉન્ટ જાળવવા માટે પસંદગી ન કરેલ હોય અને ચૂકવણી એકચેન્જ તરફથી ચૂકવણી મળ્યાના બીજા કામના દિવસે ન મેળવાય, સભ્યને આ બાબતની જાણ કરો. જો કોઇ વિવાદ થાય, ખાતરી કરો કે તમે સંબંધિત કોમોડિટી એક્સચેન્જના રોકાણકારો ગ્રીવન્સ સેલમાં તરત જ લેખિત ફરિયાદ કરો છો.

d) કૃપયા તમારો ફોન નંબર અને ઈમેઈલ આઇડી ટ્રેડ ખાતરી ચેતવણીઓ/ SMS અથવા ઇમેઇલ દ્વારા ટ્રાન્ઝેક્શન્સની વિગતો, ટ્રેડિંગ દિવસના અંતે કોમોડિટીઝ એક્સચેન્જ તરફથી મેળવવા માટે સભ્ય પાસે રજીસ્ટર કરાવો.

25. તમારે ખાસ કરીને કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટમાં મૂળભૂત ઘટનામાં અથવા સભ્ય દેવાળિયા કે નાદાર બની જાય તે ઘટનામાં તમારા સભ્ય પાસે જમા કરાવેલ પૈસા અથવા સંપત્તિના રક્ષણ વિશે પોતાની જાતને પરિચિત કરવી જોઇએ.
26. કૃપયા ખાતરી કરો કે તમે સભ્ય સાથે આ નાણાં કે મિલકત જમા કર્યા તેની, કયા અકાઉન્ટમાં આ પૈસા અને મિલકત જમા કરાવ્યા છે તે જણાવતી દસ્તાવેજી સાબિતી તમારી પાસે છે.
27. જો તમારી સમસ્યા / ફરિયાદ / મુદ્દાનો ઉકેલ સંબંધિત સભ્ય/ અધિકૃત વ્યક્તિ પાસેથી ન મળે તો તમે કોમોડિટી એક્સચેન્જ પાસે આ બાબત લઈ જઈ શકો છો. જો તમે તમારી ફરિયાદના ઉકેલથી સંતુષ્ત ન હોવ તો તમે SEBIમાં બાબત આગળ મોકલી શકો છો.

શું ન કરવું

1. બિનનોંધાયેલ મધ્યસ્થી સાથે વ્યવહાર ન કરવો જોઇએ.
2. માર્કેટ બહારના ટ્રાન્ઝેક્શન હાથ નહિ ધરવા કારણ કે આવા ટ્રાન્ઝેક્શન ગેરકાયદેસર અને એક્સચેન્જ અધિકારક્ષેત્રથી બહાર આવે છે.
3. કોઇ પણ સભ્ય સાથે ખાતરી વળતર વ્યવસ્થામાં દાખલ ન થાવ
4. લોભામણી જાહેરાતો, અફવાઓ, ગરમ ટિપ્પણીઓ, વળતર સ્પષ્ટતા / ગર્ભિત વચન, વગેરે દ્વારા લોભાઈ જવું નહિ.
5. સભ્ય તરફથી/ માટે સેટલમેન્ટ અને માર્જીન માટે ચૂકવણી રોકડમાં કરવી નહિ/ લેવી નહિ.
6. રિસ્ક ડિસ્ક્લોઝર કરાર વાંચવા અને સમજવા પહેલાં ટ્રેડિંગ શરૂ કરવી નહિ.
7. ફોન પર આપેલ ઉચ્ચ મૂલ્યોના ઓર્ડર માટે લખાણની ઉપેક્ષા કરવી નહિ.
8. સહી નહિં થયેલ / ડુપ્લિકેટ કોન્ટ્રેક્ટ નોટ / કન્ફર્મેશન મેમો સ્વીકારવો નહિ.
9. કોઇપણ બિન-અધિકૃત વ્યક્તિ દ્વારા સહી કરવામાં આવેલ કોન્ટ્રેક્ટ નોટ / કન્ફર્મેશન મેમો સ્વીકારવો નહિ.
10. કોઈની પણ સાથે તમારા ઇન્ટરનેટ ટ્રેડિંગ એકાઉન્ટનો પાસવર્ડ શેર કરવો નહિ.
11. સભ્યને કોમોડિટીઝની ચૂકવણી/ ડિલેવરીઓમાં વિલંબ કરશો નહિ.
12. રોકાણમાં રહેલાં જોખમોની નોંધ લેવાનું ભૂલશો નહિ.
13. જયારે કોમોડિટીઝ પ્રસ્તુત કરો, ડિપોઝીટ કરો અને / અથવા તેને ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DP) અથવા સભ્ય પાસે સમય બચાવવા રાખો ત્યારે ખાલી ડિલેવરી સૂચના સ્લિપ (DIS) પર સહી કરશો નહિ.
14. એક્સચેન્જ દ્વારા નિર્ધારિત દર કરતાં વધુ દલાલીની ચૂકવણી કરવી નહિ.
15. અધિકૃત વ્યક્તિ(Authorized Persons)ના નામનો ચેક આપવો નહિ.

ઈલેક્ટ્રોનિક કૉન્ટ્રાક્ટ નોટ [ઈસીએન] – ડેક્લેરેશન
(સ્વૈચ્છિક)

પ્રતિ,
(એક્સચેન્જમાં સભ્યપદ ધરાવતાં સભ્ય(Members / Stock Brokers)નું નામ)
શ્રીમાન,

હું .... , ... એક્સ્ચેંજ ના સભ્ય મેસર્સ ....નો એક ગ્રાહક(client / investor) નીચે મુજબ બાંયધરી આપું છું:

- હું જાણું છું કે મારા દ્વારા કરવામાં આવેલ તમામ વેપારના સંબંધમાં સભ્યએ ભૌતિક કરાર નોટ પૂરી પાડવાની હોય છે સિવાય કે હું જાતે તેને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં મેળવવા ઈચ્છતો હોઉં.
- હું જાણું છું કે સભ્યએ માત્ર મારી વિનંતી પર મારી અનુકૂળતા માટે ઈલેક્ટ્રોનિક કૉન્ટ્રાક્ટ નોટ પૂરી પાડવાની હોય છે.
- સભ્યએ ભૌતિક કરાર નોટ પૂરી પાડવાની હોય છે તેમ છતાં, મેં જાણ્યું છે કે ભૌતિક કરાર નોટ્સ પ્રાપ્ત કરવી મારા માટે પ્રતિકૂળ છે. તેથી, હું મારા દ્વારા કરવામાં આવેલ/ આદેશ આપવામાં આવેલ તમામ વેપાર સંબંધી ઈલેક્ટ્રોનિક કૉન્ટ્રાક્ટ નોટની ડીલિવરી માટે સ્વૈચ્છિકપણે વિનંતી કરૂં છું.
- હું કમ્પ્યુટરની સુલભતા ધરાવું છું અને ઈમેઇલ કામગીરીઓને સંચાલિત કરવાનું જ્ઞાન ધરાવતો, નિયમિતપણે ઇંટરનેટનો ઉપયોગકર્તા છું.
- મારું ઈમેઇલ આઇડી* .... છે. આની રચના મારાં દ્વારા કરવામાં આવી છે અને અન્ય કોઇના દ્વારા નહિં.
- હું જાણું છું કે આ જાહેરાત પત્રક અંગ્રેજીમાં અથવા તો હું જાણતો હોઉં તેવી અન્ય ભાષામાં જ હોવું જોઇએ.
- હું જાણું છું કે સભ્ય દ્વારા બાઉન્સ મેલ નૉટિફિકેશનની અ-પ્રાપ્તિ કૉન્ટ્રાક્ટ નોટની ડીલિવરી ઉપરોક્ત ઈમેઇલ આઇડી પર પરિણમશે.

  ઉપરોક્ત ડેક્લેરેશન અને પરિશિષ્ટમાં આપવામાં આવેલ ઈસીએન પરની માર્ગદર્શિકાઓ મારાં દ્વારા વાંચવામાં અને સમજવામાં આવી છે. હું ભૌતિક કરાર નોંધ સાથેના વિતરણમાં સામેલ જોખમો અંગે જાણું છું, અને આ સાથે તે અંગેની પૂરી જવાબદારી લઉં છું.

  **(ઈમેઇલ આઇડી ગ્રાહકના પોતાના સ્વહસ્તાક્ષરમાં લખવામાં આવ્યો હોય તે જરૂરી છે.)*

ગ્રાહકનું નામ: ....
અનન્ય ગ્રાહક કોડ: ....
પીએએન: ....
સરનામું: ....
ગ્રાહકની સહી
તારીખ:
સ્થળ:
ગ્રાહકની સહીની ખરાઈ કરનાર:
સભ્યના નિયુક્ત અધિકારીનું નામ
સહી

પરિશિષ્ટ-3 (KYC દસ્તાવેજો)

SEBI અને કોમોડિટી એક્સચેન્જો (Commodity Exchanges) દ્વારા વિહિત કર્યા અનુસાર સભ્યો(Members / Stock Brokers), અધિકૃત વ્યક્તિઓ (Authorized Persons)અને ગ્રાહકો(client / investor)ના હક્કો અને ફરજો

1. એક્સચેંજીસ/SEBI દ્વારા વ્યાખ્યાયિત કરાયેલા નિયમો, પેટા-નિયમો અને વ્યાપારના નિયમો/નિયમનો તેમજ વિવિધ સમયે જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસ પ્રમાણે એક્સચેંજીસ ઉપર લેવડ-દેવડ માટે ગ્રાહક કોમોડિટીઝ(Commodities)/કોન્ટ્રાક્ટસ/અન્ય સાધનોમાં રોકાણ/ટ્રેડ કરી શકશે.

2. એક્સચેંજના તમામ નિયમો, પેટા-નિયમો અને વ્યપારના નિયમો તથા SEBI દ્વારા નિયમો અને ધારાધોરણો હેઠળ જાહેર કરવામાં આવેલા પરિપત્રો/નોટિસ તેમજ વિવિધ સમયે સરકારી સત્તામંડળ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા સંબંધિત જાહેરનામા સાથે સભ્ય, અધિકૃત વ્યક્તિ અને ગ્રાહક બંધાયેલા રહેશે.

3. ગ્રાહકે કોમોડિટીઝ અને/અથવા ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સમાં લેવડ-દેવડ કરવા બાબતે અને સભ્યો મારફતે પોતાના ઓર્ડરને અમલમાં મૂકે તેવી અપેક્ષા રાખતા પહેલાં સભ્યની ક્ષમતાઓ અંગે પોતાની જાતને સંતુષ્ટ કરવી જોઈએ, આ ઉપરાંત સભ્ય ઓર્ડરનો અમલ કરે તે પહેલાં સભ્યની આ પ્રકારની ક્ષમતાઓ અંગે ગ્રાહકે વિવિધ સમયે પોતાની જાતને સંતુષ્ટ કરવી જોઈએ.

4. સભ્યએ ગ્રાહકની વાસ્તવિકતા અને નાણાંકીય સદ્ધરતા તથા તેના દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓ સંબંધિત નાણાકીય હેતુ વિશે પોતાની જાતને સંતુષ્ટ કરવી જોઇએ.

5. સભ્યએ તેના દ્વારા જે લેવડ-દેવડ કરવાની છે, તે સંબંધિત જવાબદારીઓ તેમજ સભ્ય દ્વારા કરવામાં આવતા કાર્યો સંબંધિત કોઈપણ પ્રકારની મર્યાદાઓ, જવાબદારીઓ અને ક્ષમતાઓ અંગે ગ્રાહકને જાણકારી આપવા સભ્યએ પગલાં ભરવા જોઈશે.

6. વ્યવસાયિક અડગતાની જરૂરિયાતો
    a. સભ્ય જયારે નાણાકીય કરારમાં દાખલ થાય છે અથવા તે હેઠળ કોઇ જવાબદારી નિભાવવે છે ત્યારે સભ્યએ વ્યવસાયિક ખંત રાખવો જોઇએ.
    b. "વ્યવસાયિક ખંત"નો અર્થ કૌશલ અને કાળજીના ધોરણો કે જે સભ્ય ગ્રાહક સાથે રાખે તેવી વ્યાજબી અપેક્ષા રાખવામાં આવે છે, જે અનુરૂપ છે -
        i. પ્રામાણિક બજાર વ્યહવાર;
        ii. સારા વિશ્વાસનો સિંદ્ધાંત;
        iii. ગ્રાહકની જાણકારી, અનુભવ અને તજજ્ઞતાનું સ્તર;
        iv. નાણાકીય ઉત્પાદન*માં અંકિત પ્રકૃતિ અને જોખમના અંશ અથવા ગ્રાહક દ્વારા ઉપલબ્ધ કરાતી નાંણાકીય સેવાઓ; અને
        v. સભ્ય પર ગ્રાહકની પરાધીનતાની હદ.

    * કોમોડિટીઝ ડેરિવેટિવ્ઝ (Commodity Derivatives) કરાર

7. સભ્યની ગ્રાહક સાથેની તમામ લેવડ-દેવડમાં અધિકૃત વ્યક્તિએ તમામ પ્રકારનો સહયોગ અને સહકાર આપવો જોઈએ.

ગ્રાહક માટેની માહિતી

સભ્ય દ્વારા 'એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ'માં માંગવામાં આવેલી તમામ માહિતી ગ્રાહકે સહાયક વિગતો સાથે ઉપલબ્ધ કરાવવાની રહેશે, જે કોમોડિટી એક્સચેંજીસ(Commodity Exchanges)/ SEBI દ્વારા વિવિધ સમયે ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

8. એકાઉન્ટ ઓપનિંગ દસ્તાવેજમાં ગ્રાહકે તમામ ફરજીયાત જોગવાઈઓથી પોતાની જાતને પરિચિત કરાવવાની રહેશે. સભ્યો દ્વારા દર્શાવવામાં આવેલા વધારાના ક્લોઝ અથવા દસ્તાવેજ ફરજીયાત નહિ હશે; જેથી ગ્રાહક દ્વારા ચોક્કસ સ્વીકારને આધીન રહેશે.

9. એકાઉન્ટ ખોલવામાં આવ્યું હોય તે સમયે અથવા તે બાદ 'એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ'માં જો કોઈ બદલાવ હોય તો ગ્રાહકે તાત્કાલિક ધોરણે સભ્યને આની જાણકારી આપવાની રહેશે; આમાં અરજી પાછી ખેંચી લેવી/નાદારીની અરજી અથવા કોઈપણ અરજી કે જે તેની ક્ષમતા સાથે સંકળાયેલી હોય. ગ્રાહકે સમયાંતરે સભ્યને પોતાની નાણાકીય માહિતી અંગેની જાણકારી/તેમાં સુધારા અંગેની જાણકારી આપવી જોઈએ.

10. A. નાણાકીય કરારોમાં અન્યાયી શરતો આરક્ષણ**

   a. બિન વાટાઘાટ કરારની અયોગ્ય શરતો રદ્દબાતલ કરવામાં આવશે.
   b. શરત અયોગ્ય હશે જો તે -
      i. ગ્રાહકોની ખોટ હેઠળ, નાણાકીય કરાર હેઠળ અધિકારો અને પક્ષો જવાબદારી નોંધપાત્ર અસંતુલન માટેનું કારણ બને છે; અને
      ii. સભ્યના કાયદેસર હિતોનું રક્ષણ કરવું વ્યાજબી પણે જરૂરી નથી.
   c. શરતો અયોગ્ય હોય ત્યારે આ પરિબળો ધ્યાનમાં લેવામાં આવશે, જેમાં સમાવેશ થાય છે -
      i. નાણાકીય કરાર હેઠળ નાણાકીય ઉત્પાદન અથવા નાણાકીય સેવા પ્રકૃતિ કામ કરે છે;
      ii. શરતોની પાર્દશકતાની હદ;

**કોમોડિટી એક્ષ્ચેન્જ દ્વારા પ્રસ્તાવિત કરારો

      iii. સમાન નાણાંકીય ઉત્પાદનો અને નાણાંકીય સેવાઓ માટે અન્ય નાણાકીય કરારો સાથે ગ્રાહકને સરખામણી કરવા પરવાનગી આપે તે શરતની હદ; અને
      iv. સંપૂર્ણપણે નાણાકીય કરાર અને અન્ય કોઇ કરારની શરતો કે જેના પર તે આધાર રાખે છે.
   d. શરત પારદર્શક છે જો તે -
      i. તે વ્યાજબી સાદી ભાષામાં વ્યકત કરવામાં આવેલ હોય કે જે ગ્રાહક દ્વારા સમજવામાં સરળ હોય;
      ii. સુવાચ્ય અને સ્પષ્ટ રીતે રજૂ થાય છે; અને
      iii. શરતો દ્વારા પ્રભાવિત ગ્રાહકો દ્વારા પહેલેથી ઉપલબ્ધ હોય.
   e. જો નાણાકીય કરારની શરતો 11.A.c મુદ્દા હેઠળ અયોગ્ય નિર્ધારિત કરવામાં આવે, પક્ષોને નાણાકીય કરાર અમલમાં હોવા સક્ષમ હોય તે હદ સુધી અયોગ્ય શરત સિવાયની નાણાકીય કરારની બાકીની શરતો બાધ્ય હોવાનું ચાલુ રહેશે.

11.B.

a. "બિન-વાટાઘાટી કરાર"નો અર્થ કરાર કે જેની શરતો, મુદ્દો 11.C. (નીચે આપેલ છે) માં સમાવિષ્ટ શરતો સિવાય નાણાકીય કરારના પક્ષો વચ્ચે વાટાઘાટ કરી નહિ શકાય અને જેમાં સમવિષ્ટ છે -

   i. નાણાકીય કરાર કે જેમાં, ગ્રાહક સાથે સંબંધિત, સભ્ય પાસે નાણાકીય કરારોની શરતો નિર્ધારિત કરવા માટે નોંધપાત્ર વધુ સોદાબાજી સત્તા હોય છે; અને

   ii. કરારનું પ્રમાણિત સ્વરૂપ.

b. "કરારનું પ્રમાણિત સ્વરૂપ"નો અર્થ નાણાકીય કરાર કે જે ગ્રાહકો માટે નોંધપાત્ર રીતે વાટાઘાટો નહિ કરી શકાય તેવો છે, મુદ્દો 11.C.માં સમાવિષ્ટ શરતો સિવાય.

c. જો નાણાકીય કરારની અમુક શરતોની ફોર્મમાં ચર્ચા કરવામાં આવેલ હોય, નાણાકીય કરારને નિન-વાટાઘાટી કરાર તરીકે સંબોધવામાં આવી શકે છે જો આમના દ્વારા સૂચવાયેલ હોય -

   i. નાણાકીય કરારની એકદંર અને મૂળ આકારણી; અને

   ii. નાણાકીય કરારની આસપાસના નોંધપાત્ર સંજોગો

d. દાવામાં કે નાણાકીય કરાર બિન-વાટાઘાટી કરાર છે, જેને અન્યથા દર્શવવાની જવાબદારી સભ્ય ઉપર રહેશે.

11. C.

a. ઉપરોક્ત નાણાકીય કરારની શરતોને લાગુ નથી જો તે -

   i. નાણાકીય કરારની વિષય વસ્તુને વ્યાખ્યાયિત કરે છે;

   ii. નાણાકીય કરાર હેઠળ નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવાની જોગવાઈઓ માટે કિંમત કે જે ચૂકવાયેલ હોય, અથવા ચૂકવવા પાત્ર હોય તે સેટ કરે છે અને ગ્રાહક સામે સ્પષ્ટરીતે જાહેર કરવામાં આવેલ હોય; અથવા

   iii. કોઇપણ કાયદા અથવા નિયમનો હેઠળ આવશ્યક હોય, અથવા સ્પષ્ટરીતે પરવાનગી આપવામાં આવેલ હોય.

b. 11.C. મુદ્દા હેઠળની છૂટ શરત કે જે રકમની ચૂકવણી સાથે સંબંધિત છે તેને લાગુ નથી કે જે કોઇપણ ઘટના બનવા અથવા ન બનવા સાથે આકસ્મિક હોય.

11. સભ્ય અને અધિકૃત વ્યક્તિ ગ્રાહક દ્વારા એકાઉન્ટ ઓપનિંગ ફોર્મમાં આપવામાં આવેલી તમામ માહિતી અથવા ગ્રાહક સંબંધિત અન્ય માહિતી, ગુપ્તતા સંબંધિત જાળવી રાખવાની રહેશે અને આ ઉપરાંત જો કાનૂની/નિયમાકીય જરૂરિયાતોને બાદ કરતાં આ માહિતી કોઈપણ વ્યક્તિ / સત્તામંડળ સમક્ષ જાહેર કરવી જોઈએ નહીં. જોકે, ગ્રાહકની મંજૂરી મેળવ્યાં બાદ સભ્ય તેના ગ્રાહકની માહિતી કોઈપણ વ્યક્તિ અથવા સત્તામંડળ સમક્ષ જાહેર કરી શકે છે.

12. A. વ્યક્તિગત માહિતી અને ગોપનીયતાનું રક્ષણ

a. "વ્યક્તિગત માહિતી"નો અર્થ કોઇપણ માહિતી કે જે ગ્રાહક સાથે સંબંધિત હોય અથવા ગ્રહકની ઓળખને સીધી કે આડકતરી રીતે હસ્તક્ષેપિત કરે છે, અને તેમાં સમાવેશ થાય છે -

   i. નામ અને સંપર્ક માહિતી;
   ii. બાયોમેટ્રિક માહિતી, વ્યક્તિગત કિસ્સામાં
   iii. ટ્રાન્ઝેકશન્સ સંબંધિત માહિતી, અથવા નાણાકીય ઉત્પાદનોના હોલ્ડિંગ
   iv. નાણાકીય સેવાઓના ઉપયોગ સંબંધિત માહિતી; અથવા
   v. આવી અન્ય માહિતી કે જેની સ્પષ્ટતા કરવામાં આવી હોય.

13. B.

a. સભ્યએ -

i. નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવાઓની જોગવાઈઓ માટે આવશ્યકતા વધુ ગ્રાહક સંબંધિત વ્યક્તિગત માહિતી ભેગી કરવી જોઇએ નહિ;

ii. ગ્રાહક સંબંધિત વ્યક્તિગત માહિતીની ગોપનીયતા જાળવે છે અને તેને ત્રીજા પક્ષ સમક્ષ જાહેર કરતાં નથી, સિવાય કે 13.B.b હેઠળ સ્પષ્ટરીતે પરવાનગી આપવામાં આવેલ હોય;

iii. ગ્રાહક સાથે સંબંધિત કોઈપણ માહિતી કે જે તે રાખે છે તેને સચોટ, અદ્યતન અને સંપૂર્ણ સુનિશ્ચિત કરવા શ્રેષ્ઠ પ્રયાસો કરવા;

iv. સુનિશ્ચિત કરો કે ગ્રાહક તેમની વ્યાજબી વ્યક્તિગત માહિતીને ઍક્સેસ કરી શકે, નિયામક કોઇપણ અપવાદોની સ્પષ્ટતા કરે તેને આધીન; અને

v. ગ્રાહકોને તેમની વ્યક્તિગત માહિતી સુધારવા માટેની અસરકારક તકની પરવાનગી એ સુનિશ્ચિત કરવા આપો કે સભ્ય દ્વારા મેળવવામાં આવેલ માહિતી સચોટ, અપ-ટૂ-ડેટ અને સંપૂર્ણ છે.

b. સભ્ય ગ્રાહક સંબંધિત વ્યક્તિગત માહિતીને ત્રીજા પક્ષને તો જ જાહેર કરી શકશે જો -

i. ગ્રાહકને સંમતિ નકારવાની અસરકારક તક આપ્યા બાદ, જાહેરાત માટે ગ્રાહકની લિખિત માહિતીપ્રદ સંમતિ અગાઉથી મેળવવામાં આવી હોય;

ii. ગ્રાહકે જાહેરાત કરવા માટે નિર્દેશ આપેલ હોય;

iii. નિયામકે જાહેરાતને માન્યતા અથવા આદેશ આપ્યો હોય, અને સિવાય કે સંબંધિત કાયદા અથવા નિયમનો દ્વારા પ્રતિબંધિત હોય; ગ્રાહકને આવી જાહેરાત સામે આવો કાયદો અને નિયમનો હેઠળ રજૂ કરવાની તક આપવામાં આવેલ હોય;

iv. જાહેરાત કોઇપણ કાયદો અથવા નિયમનો હેઠળ આવશ્યક હોય, અને સિવાય કે સંબંધિત કાયદા અથવા નિયમનો દ્વારા પ્રતિબંધિત હોય; ગ્રાહકને આવી જાહેરાત સામે આવો કાયદો અને નિયમનો હેઠળ રજૂ કરવાની તક આપવામાં આવેલ હોય;

v. જાહેરાત સીધી રીતે ગ્રાહકની નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવાની જોગવાઈઓ સાથે સંબંધિત હોય, જો સભ્ય -

1. ગ્રાહકને અગાઉથી જણાવે કે વ્યકતિગત માહિતીને ત્રીજા પક્ષ સાથે શેર કરી શકાય છે; અને

2. ત્રીજો પક્ષ વ્યક્તિગત માહિતીની ગોપનીયતાનું આ ભાગ હેઠળ આવશ્યકતા છે તે મૂજબ જ જાળવણી કરે છે તે સુનિશ્ચિત કરવા માટેની વ્યવસ્થા કરે છે; અથવા

vi. જાહેરાત વાસ્તવિક અથવા સંભવિત છેતરપિંડી, અનધિકૃત વ્યવહારો કે દાવાઓ સામે રક્ષણ કરવા અથવા બચાવવા કરવામાં આવેલ હોય, જો સભ્ય ત્રીજો પક્ષ વ્યક્તિગત માહિતીની ગોપનીયતાનું આ ભાગ હેઠળ આવશ્યકતા છે તે મૂજબ જ જાળવણી કરે છે તે સુનિશ્ચિત કરવા માટેની વ્યવસ્થા કરે છે.-

c. "ત્રીજો પક્ષ"નો અર્થ સંબંધિત સભ્ય સિવાયની કોઇપણ વ્યક્તિ થાય છે, સભ્ય જે સમુહમાં હોય તે જ સમુહમાંની વ્યક્તિ સહિત.

14. A. પ્રારંભિક અને ચાલુ રહેવા બંને પર વ્યાજબી જાહેરાતની જરૂરિયાત

a. સભ્યએ માહિતીની વ્યાજબી જાહેરાતને સુનિશ્ચિત કરવું જ જોઇશે કે જે ગ્રાહક દ્વારા માહિતીપ્રદ વ્યહવારનો નિર્ણય કરવા માટે આવશ્યક હોય.

b. વ્યાજબી જાહેરાત કરવા માટે, માહિતિ પૂરી પડાવી જ જોઇશે -

i. ગ્રાહક નાણાકીય કરારમાં દાખલ થાય એ પહેલાં પર્યાપ્તરીતે, આથી ગ્રાહકને માહિતી સમજવા માટે વ્યાજબી સમય મળે છે;

ii. લેખિતમાં અને એ રીતે કે ચોક્કસ શ્રેણીમાંના ગ્રાહક દ્વારા સમજવામાં આવે; અને

iii. એ રીતે કે જે ગ્રાહકને નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવાની અન્ય સમાન નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવા સાથે વ્યાજબી સરખામણી કરવા સક્ષમ બનાવે છે.

c. નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવા સંબંધિત માહિતી સાથે સંબંધિત માહિતીના પ્રકારો કે જે ગ્રાહક સામે જાહેર થવા જ જોઇએ, જેમાં આ સંબંધિત માહિતીઓનો સમાવેશ થઈ શકે છે -

i. નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવાના તેની વિશેષતાઓ, લાભો અને ગ્રાહકોને જોખમો સહિતની મુખ્ય લાક્ષણિકતાઓ;

ii. નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવા માટે કરવામાં આવતી વિચારણા અથવા જે રીતે વિચારણા કરવામાં આવે છે;

iii. નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય કરારમાં કોઇપણ શરતનું અસ્તિત્વ, તેને બાકાત રાખવી અથવા તેની શરત;

iv. સભ્યની ઓળખ, નિયામક સ્થિતિ અને જોડાણ સહિત સભ્યની પ્રકૃતિ, વિશેષતાઓ અને હકો;

v. સભ્યની સંપર્ક વિગતો અને સભ્ય અને ગ્રાહક વચ્ચે ઉપયોગમાં લેવામાં આવનાર સંચાર પદ્ધતિઓ;

vi. ચોક્કસ સમયગાળામાં નાણાકીય કરાર રદ્દ કરવા માટેના ગ્રાહકના હકો; અથવા

vii. કોઇપણ કાયદા અથવા નિયમનો હેઠળ ગ્રાહકના હકો.

14. B.

a. સભ્યએ નીચેની ચાલુ જાહેરાતો સાથે, ગ્રાહકને તેના પૂરી પાડવામાં આવતી નાણાકીય ઉત્પાદો અથવા નાણાકીય સેવાઓના લાભ પૂરા પાડવા જોઈશે -

i. જયારે ગ્રાહકને પ્રારંભમાં નાણાકીય ઉત્પાદો અથવા નાણાકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તે સમયે મુદ્દો 14.A હેઠળ જાહેરાત કરવાની આવશ્યકતા હતી તે માહિતીની કોઇપણ સામગ્રીમાં પરિવર્તન;

ii. ગ્રાહક દ્વારા રાખવામાં આવતી નાણાકીય ઉત્પાદની સ્થિતિ અથવા કામગિરી સંબંધિત માહિતી કારણ કે નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવામાં હકો અથવા હિતોની આકારણી કરવાની જરૂરિયાત પડી શકે છે; અને

iii. કોઈપણ અન્ય માહિતી કે જેની સ્પષ્ટતા કરવામાં આવી હોય.

b. ચાલુ જાહેરાત કરાવી જ જોઇશે -

i. કોઇપણ સામગ્રીમાં બદલાબ થાય ત્યાર પછિના વ્યાજબી સમયગાળામાં અથવા વ્યાજબી સમય અંતરાલોએ, જેમ લાગુ પડે એમ; અને

ii. લેખિતમાં અને એ રીતે કે તે શ્રેણીમાં આવતા ગ્રાહકો દ્વારા સમજી શકાય.

માર્જિન

15. સભ્ય અથવા એક્સચેંજ અથવા SEBI દ્વારા વિવિધ સમયે ગ્રાહક જે સેગમેન્ટ(સ)માં ટ્રેડ કરે છે તેના માટે નક્કી કરાયેલા અને લાગુ પડતાં પ્રારંભિક માર્જિન, વિથ હોલ્ડીંગ માર્જિન, સ્પેશિયલ માર્જિન, અથવા આવા અન્ય માર્જિનને ગ્રાહકે ચૂકવવા પડશે. સભ્યને વધારાના માર્જિન (એક્સચેંજ અથવા SEBI દ્વારા જરૂરી ન ગણવામાં આવ્યું હોય તો પણ) વસૂલવાની અબાધિત અને પૂર્ણ મંજૂરી છે અને ગ્રાહક નિયત સમયગાળામાં આ માર્જિન ચૂકવવા માટે બંધાયેલા છે.

16. ગ્રાહક સમજે છે કે તે તેના દ્વારા ચૂકવવામાં આવેલા માર્જિન તેની તમામ બાકી ચૂકવણીઓ માટે લાગુ પડતા નથી. સતત માર્જિન ચૂકવવા છતાં ગ્રાહક તેના ટ્રેડના સેટલમેન્ટ માટે (અથવા લેવા બંધાયેલ) તેમજ કોન્ટ્રાક્ટને લેવા/અપનાવવા માટે આ પ્રકારની ચૂકવણી કરવા માટે બંધાયેલો છે.

ટ્રાન્ઝેક્શન અને સેટલમેન્ટ

17. ગ્રાહકે કોમોડિટીઝ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ ખરીદતી વખતે અથવા વેચતી વખતે લેખિતમાં ઓર્ડર આપવાનો રહેશે અથવા સભ્ય અને ગ્રાહક વચ્ચે થયેલી પારસ્પરિક સમજૂતી પ્રમાણે અન્ય કોઈ પ્રકારે ઓર્ડર આપવાનો રહેશે. આમછતાં સભ્ય આ સંબંધિત નિયામક જરૂરિયાતોને સુનિશ્ચિત કરે છે અને તેનું પાલન કરે છે. સભ્યએ તે ગ્રાહકને આપવામાં આવેલા યુનિક ગ્રાહક કોડમાં જ ગ્રાહકના ઓર્ડર મૂકવામાં આવે અને ટ્રેડ કરવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

18. સભ્યએ તેના ગ્રાહકને તમામ માહિતી ઉપલબ્ધ કરાવવી જોઈએ તથા ટ્રેડિંગ/સેટલમેન્ટ સાઈકલ, ડિલિવરી/પેમેન્ટના સમયપત્રક, અન્ય કોઈપણ પ્રકારના ફેરફારો અંગે સમયાંતરે ગ્રાહકને વિગતો આપવી જોઈએ, આની સામે ગ્રાહકની જવાબદારી એ રહે છે કે તે કરવામાં આવેલા ટ્રેડ સંબંધિત કોમોડિટી એક્સચેંજના આ પ્રકારના તમામ સમયપત્રક/પ્રક્રિયાઓને પૂર્ણ કરે.

19. સભ્યએ એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે SEBIના નિયમો, પરિપત્રો, નોટિસ, માર્ગદર્શિકાઓ અને/અથવા એક્સચેંજના નિયમો, વ્યપારના નિયમો પેટા-નિયમો, પરિપત્રો અને નોટિસમાં દર્શાવાયેલા હેતુ સિવાય તે ગ્રાહક દ્વારા જમા કરાવવામાં આવેલા નાણાને એક અલગ ખાતામાં રાખે, પોતાના વ્યક્તિગત ખાતાથી તેને અલગ રાખે અથવા અન્ય ગ્રાહકના ખાતાથી પણ અલગ રાખે તથા સભ્ય આ નાણાંનો વ્યક્તિગત ઉપયોગ ન કરે અથવા અન્ય ગ્રાહક માટે પણ ઉપયોગ ન કરે.

20. જ્યારે એક્સચેંજ(સ) પોતાની જાતે તમામ ટ્રેડ(સ)ને રદ કરે ત્યારે ગ્રાહક વતી કરવામાં આવેલા તમામ ટ્રેડ પણ વાસ્તવમાં રદ થયેલા ગણાશે, સભ્યએ તેમના ગ્રાહક(કો) સાથે સંબંધિત કોન્ટ્રાક્ટ(સ) રદ કરવા માટે બંધાયેલા હોય છે.

21. એક્સચેંજ પર જે પણ લેવડ-દેવડ કરવામાં આવી હોય તે જ્યાં ટ્રેડ અમલમાં મુકાય છે તે એક્સચેંજીસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિયમો, પેટા-નિયમો અને વ્યપારના નિયમો તથા પરિપત્રો/નોટિસોને આધિન હોય છે, અને જ્યાં ટ્રેડ અમલમાં મુકાય છે તે એક્સચેંજીસ દ્વારા નક્કી કરાયેલા પેટા-નિયમો અને વ્યપારના નિયમો પ્રમાણે આ પ્રકારના ટ્રેડ સાથે સંબંધિત તમામ પક્ષો કોર્ટના અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે, આ એક્સચેંજીસના નિયમો, પેટા-નિયમો અને વ્યપારના નિયમો સંબંધિત જોગવાઇઓ તથા તે હેઠળ જાહેર કરવામાં આવેલા પરિપત્રો/નોટિસોને આધિન રહીને ટ્રેડ કરવામાં આવ્યું છે.

બ્રોકરેજ

22. ગ્રાહકે સમયાંતરે સભ્યને દલાલી અને લાગુ પડતી રકમ ચૂકવવાની રહેશે તેમજ આ ગ્રાહકના ખાતા, વ્યવહાર અને સભ્યએ તેના ગ્રાહકને આપેલી સેવાઓ ઉપર લાગુ પડે છે. સંબંધિત કોમોડિટીઝ એક્સચેંજીસના નિયમો, વ્યપારના નિયમો અને પેટા-નિયમો અને/અથવા SEBIના નિયમોમાં નક્કી કરાયેલી મહત્તમ દલાલીથી વધુ સભ્ય દલાલી વસૂલી શકે નહીં.

લિક્વિડેશન અને પોઝિશનની સમાપ્તિ

23. સભ્યના અન્ય હક્કો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના (મુદ્દાને આર્બિટ્રેશન (લવાદી) સમક્ષ લઈ જવા સહિત) ગ્રાહકે એ બાબતની સમજ રાખવી જોઈએ કે માર્જિન અથવા અન્ય રકમ ન ચૂકવવાના તેમજ બાકીના દેવા ન ચૂકવવા વગેરે જેવા કિસ્સામાં સભ્ય ગ્રાહકની તમામ અથવા કોઈ એક પોઝિશનને લિક્વિડેટ/બંધ કરી શકે છે અને ગ્રાહકની જવાબદારીઓ/ફરજોની સામે આ પ્રકારે પોઝિશનના લિક્વિડેશન/બંધ કરી પોતાના લેણા સરભર કરી શકે છે. આ પ્રકારે લિક્વિડેશન/બંધ કરવાની કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારે થયેલા નુકસાન અને નાણાકીય ચાર્જીસ ગ્રાહક પાસેથી વસૂલ કરવાના રહેશે.

24. ગ્રાહકના મૃત્યુ અથવા નાદારીના કિસ્સામાં તથા અન્ય કોઇ પરિસ્થિતિમાં નાણાં લેવામાં અને ચૂકવવામાં અથવા કોમોડિટીઝની ડિલિવરી અથવા તેને તબદીલ કરવામાં અક્ષમ હોવા તેમજ ખરીદી અથવા વેચવાનો ઓર્ડર આપ્યો હોય તેવાં કિસ્સામાં, ગ્રાહકના એસ્ટેટની સામે, જો કોઇ હોય તો સભ્ય ગ્રાહકની લેવડ-દેવડ બંધ કરીને નુકસાનીનો દાવો કરી શકે છે. ગ્રાહક અથવા તેના નમનિયુક્તિઓ, આનુગામી, વારસદારો અને નામે લેનાર વ્યક્તિ જો બાકીના લેણા નીકળે તો તે ચૂકવવા બંધાયેલા છે. ગ્રાહકે એ બાબતની નોંધ લેવી જોઈએ કે વારસદારની તરફેણમાં ભંડોળ/ કોમોડિટીઝની તબદિલી માટે કાનૂની વારસાદાર સામે સભ્યની માન્ય મંજૂરી હોવી જોઈએ.

વિવાદનું નિરાકરણ

25. સભ્યએ દરેક લેવડ-દેવડ તેના મારફતે થઈ હોવાના કારણે ગ્રાહકની તકરાર નિવારણમાં સહકાર આપવો જોઈએ.

26. જ્યાં ટ્રેડ અમલમાં મુકાયો છે તે એક્સચેંજીસના નિયમો, પેટા-નિયમો અને વ્યપારના નિયમનો તથા સમયાંતરે જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસો અને તેના અમલીકરણ હેઠળ ગ્રાહક અને સભ્યએ ડિપોઝિટ, માર્જિનના નાણા વગેરે સંબંધિત કોઈપણ પ્રકારના દાવા અને/અથવા વિવાદને મધ્યસ્થી (લવાદ) પાસે લઈ જવા જોઈએ.

27. ગ્રાહક/સભ્ય સમજે છે કે સત્તાવાર પ્રતિનિધિ દ્વારા ગ્રાહક/સભ્યના વિવાદ, જો કોઇ હોય તો, તેના ઉકેલ માટે અપાયેલા સૂચનોના પાલન માટે ગ્રાહક/સભ્ય બંન્ને બંધનકર્તા છે અને ગ્રાહક/સભ્ય વતીના પ્રતિનિધિ દ્વારા અપાયેલા સત્તાવાર પત્રની સૂચનાઓનો અમલ કરવાં બંધાયેલા રહેશે.

28. દરેક સભ્ય પાસે અસરકારક ફરિયાદ નિવારણ તંત્ર હોવાની જરૂરિયાત કે જે તેના બધા ગ્રાહકો દ્વારા એક્સેસિબલ હોય

    a. સભ્ય પાસે તેના દ્વારા પૂરી પાડવામાં આવતી નાણાંકીય ઉત્પાદો અથવા નાણાંકીય સેવાઓના સંબંધમાં તેના ગ્રાહકો પાસેથી આવતી ફરિયાદો મેળવવા અને તેના નિવારણ માટેની અસરકારક પદ્ધતિ હોવી જ જોઇશે, અથવા તેના વતી તત્કાલીન અને વ્યાજબી રીતે.

    b. ગ્રાહક સાથે સંબંધ શરૂ થવા પર, અને એવા સમયે કે જયારે ગ્રાહક દ્વારા માહિતીની જરૂરિયાત હોય, ત્યારે સભ્યએ ગ્રાહકને આની જાણ કરવી જ જોઇશે -

i. ગ્રાહકની કોઇપણ ફરિયાદોના નિવારણની માંગ કરવાનો અધિકાર; અને

ii. સભ્ય દ્વારા તેના ગ્રાહકો પાસેથી ફરિયાદો મેળવવા અને તેના નિવારણ માટે અનુસરવામાં આવતી પદ્ધતિઓ.

29. A. ગ્રાહક માટે સલાહ સુગમતા

અનુકૂળ એવી સલાહ મેળવવાનો હક ગ્રાહકના સંબંધિત વ્યક્તિગત સંજોગો પ્રમાણે હોય છે, જેમકે ગ્રાહકની નાણકીય સ્થિતિ અને જરૂરિયાતો. આ જવાબદારીઓ એવા વ્યક્તિઓને લાગુ પડે છે કે જે ગ્રાહકો માટે સલાહ આપે છે અને નિયામકે નાણાકીય ઉત્પાદો અને સેવાઓ કે જે આવશ્યક પણે સલાહ માટે આપવા માટે જરૂરો છે તેની સ્પષ્ટા કરેલ હોય શકે છે.

a. સભ્યએ -

i. ગ્રાહક સંબંધિત વ્યક્તિગત સંજોગો વિશે યોગ્ય અને પર્યાપ્ત જાણકારી મેળવવા માટે તમામ પ્રયાસો કરવા જોઇએ; અને

ii. સુનિશ્ચિત કરો કે આપવામાં આવેલ સલાહ ગ્રાહક માટે સંબંધિત વ્યક્તિગત સંજોગોની યોગ્ય વિચારણા પછી અનુકૂળ છે.

b. જો તે વ્યાજબી રીતે સભ્યને સ્પષ્ટ છે કે ગ્રાહક વિશેની વ્યક્તિગત સંજોગોમાં સંબંધિત ઉપલબ્ધ માહિતી અપૂર્ણ અથવા અચોક્કસ હોય, સભ્યએ અપૂર્ણ અથવા અચોક્કસ માહિતીને આધારે પ્રક્રિયા કરવાના પરિણામો માટે ગ્રાહકને ચેતવવા જોઈએ.

c. જો ગ્રાહક નાણાકીય ઉત્પાદન અથવા નાણાકીય સેવા કે જે સભ્ય ગ્રાહક માટે બિનજરૂરી છે એમ નક્કી કરે તે મેળવવાનો ઇરાદો કરે, સભ્યએ -

i. સ્પષ્ટ લેખિત અને ગ્રાહક દ્વારા સમજી શકાય એ મૂજબ ગ્રાહક માટે તેની સલાહ જણાવી જ જોઈએ; અને

ii. અને મુદ્દો 29.A.aનું પાલન થયા બાદ અને ગ્રાહક પાસેથી લેખિત સ્વીકૃતિ મેળવ્યા બાદ જ ગ્રાહક દ્વારા વિનંતિ કરવામાં આવેલ નાણાકીય ઉત્પાદન અથવા નાણાકીય સેવા પૂરી પાડી શકાય છે.

30. હિતના સંઘર્ષ સાથે કામ કરવું

ગ્રાહક અને સભ્યના હિતો વચ્ચેના કોઇપણ સંઘર્ષના કિસ્સામાં, ગ્રાહકોના હિતોને પ્રાધાન્ય આપવામાં આવશે.

a. સભ્યએ -

i. હિત સંબંધિત કોઇપણ સંઘર્ષ માહિતી, કોઈપણ સંઘર્ષરત મહેનતાણું કે જે સભ્યને મળ્યુ હોય અથવા ગ્રાહકને સલાહ આપવા બદલ મેળવવાની અપેક્ષા હોય તે સહિત ગ્રાહકને પૂરી પાડવી જોઇએ; અને

ii. ગ્રાહકોના હિતને પ્રાધાન્ય આપવું જોઇએ કે જો સભ્ય જાણે છે, અથવા વ્યાજબી રીતે આ વચ્ચેના સંઘર્ષો વિશે જાણવું જોઇએ કે -

1. પોતાનું જ હિત અને ગ્રાહકના હિતમાં; અથવા

2. સંબંધિત સભ્યના હિતમાં અને ગ્રાહકના હિતમાં, કે જયાં સભ્ય નાણાંકીય પ્રતિનિધિ હોય.

b. 16a.i. હેઠળની માહિતી ગ્રાહકને લેખિતમાં અથવા ગ્રાહક દ્વારા સમજી શકાય એ રીતે આપવી જોઇશે અને ગ્રહક પાસેથી માહિતી પ્રાપ્ત થયેલ છે તેની લેખિત સ્વીકૃતિ મેળવાવી જોઇએ.

c. આ વિભાગમાં "સંઘર્ષરત મહેનતાણું"નો અર્થ કોઇપણ લાભ, કે જે નાણાકીય અથવા બિન-નાણાકીય, સભ્ય દ્વારા ગ્રાહકો સિવાયની વ્યક્તિઓ પાસેથી મેળવવામાં આવેલ હોય, વ્યાજબી રીતે ગ્રાહકને સભ્ય દ્વારા આપવામાં આવતી સલાહથી અસર થવાની ધારણા પરિસ્થિતિ હેઠળ એમ થાય છે.

સંબધ સમાપ્તિ

31. સભ્યની નાદારી, મૃત્યુ, રાજીનામા અથવા હકાલપટ્ટી તેમજ એક્સચેંજ દ્વારા તેનું પ્રમાણપત્ર રદ કરવામાં આવે તે બાબતો સહિત કોમોડીટીઝ એક્સચેંજના સભ્ય તરીકે કોઈપણ કારણોસર સભ્યના સભ્યપદને સ્થગિત કરી દેવામાં આવે તો સભ્ય અને ગ્રાહક વચ્ચેના આ સંબંધો રદ થઈ જાય છે.

32. સભ્ય, અધિકૃત વ્યક્તિ અને ગ્રાહક સામેના પક્ષને લેખિતમાં નોટિસ આપીને ઓછામાં ઓછા એક મહિના બાદ બહારના કોઈ પક્ષને કંઈપણ કારણ આપ્યા વિના તેમના વચ્ચેના સંબંધોને રદ કરવાનો હક્ક ધરાવે છે. સંબંધોમાં આ પ્રકારની સમાપ્તિ થતાં પહેલાંની પક્ષના તમામ હક્કો, જવાબદારીઓ અને ફરજો તેમજ લેવડ-દેવડ સંબંધિત અસ્તિત્વમાં રહે છે અને બંન્ને પક્ષો અથવા તેમના વારસદારો, અમલકર્તાઓ, સત્તામંડળ, કાનૂની પ્રતિનિધિઓ અથવા આનુગામી કોઈપણ સંબંધિત કેસ દરમિયાન તેના માટે એકબીજા સાથે જોડાયેલા રહે છે.

33. અધિકૃત વ્યક્તિના મૃત્યુ/નાદારી અથવા બોર્ડ સાથે તેના રજીસ્ટ્રેશનને રદ કરવા અથવા કોમોડીટીઝ એક્સચેંજ દ્વારા અધિકૃત વ્યક્તિ ની માન્યતા રદ કરવી અને/અથવા સભ્ય દ્વારા અધિકૃત વ્યક્તિ સાથેનો કરાર રદ કરવા સહિતના કોઈપણ કારણો અંગે ગ્રાહકને તેની જાણકારી આપવાની રહેશે અને આવા કિસ્સામાં ગ્રાહક સભ્યના સીધા ગ્રાહક બની જશે, ઉપરાંત સભ્ય, અધિકૃત વ્યક્તિ અને ગ્રાહકના તમામ 'હક્કો અને ફરજો' દસ્તાવેજની તમામ જોગવાઈઓ અમલમાં રહેશે, જ્યાં સુધી ગ્રાહક ઓછામાં ઓછા એક મહિનાના સમયગાળા પ્રમાણે સંબંધો સમાપ્ત કરવા અંગે સભ્યને લેખિતમાં નોટિસ ન આપે ત્યાં સુધી આ અમલી રહેશે.

વધારાના હક્કો અને ફરજો

34. SEBI અને જે એક્સચેંજ ઉપર ટ્રેડ અમલમાં મુકાઇ હોય તેના દ્વારા જાહેર કરાયેલા નિયમો, વ્યપારના નિયમો, પેટા-નિયમો, પરિપત્રો, નોટિસ અને માર્ગદર્શિકા પ્રમાણે સભ્ય અને ગ્રાહકે સમયાંતરે તેમના ખાતાની પતાવટ કરવાની રહેશે.

35. સભ્યએ એક્સચેંજ દ્વારા નક્કી કરાયેલા ફોર્મેટ પ્રમાણે સમયાંતરે તેના ગ્રાહકો માટે કોન્ટ્રાક્ટ નોટ ઈશ્યૂ કરવાની રહેશે, જેમાં ઓર્ડર નંબર, ટ્રેડ નંબર, ટ્રેડ સમય, ટ્રેડ કિંમત, ટ્રેડ જથ્થો, ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની વિગતો, ગ્રાહક કોડ, બ્રોકરેજ, અન્ય તમામ ચાર્જીસ તથા એક્સચેંજ દ્વારા નિયત કરાયેલા ચોક્કસ સમયગાળામાં અન્ય તમામ વિગતો સહિત લેવડ-દેવડની દરેક વિગતોનો સમાવેશ થાય છે. સભ્યએ કામકાજના 24 કલાક દરમિયાન રોકાણકારને લેવડ-દેવડની કોન્ટ્રાક્ટ નોટ હાર્ડ કોપી અને/અથવા ડિજિટલ સહીનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રોનિક રીતે મોકલવાનું રહેશે.

36. સભ્યએ સંબંધિત એક્સચેંજ કે જ્યાં ટ્રેડ અમલમાં મુકાઇ હોય ત્યાંથી પેઆઉટની રિસિપ્ટ સાથે ગ્રાહકને ભંડોળની ચૂકવણી થાય ત્યારે અથવા કોમોડિટીઝની ડિલિવરી કરી શકે છે સિવાય કે જે એક્સચેંજ ઉપર ટ્રેડ અમલમાં મુકાઇ હોય તેના દ્વારા સમયાંતરે નક્કી કરાયેલા એક્સચેંજ નિયમો, પેટા નિયમો, વ્યપરના નિયમો અને પરિપત્રોને આધિન અને ગ્રાહક દ્વારા નક્કી કરવામાં આવ્યું હોય.

37. જે એક્સચેંજ ઉપર ટ્રેડ અમલમાં મુકાઇ હોય તેના દ્વારા નિયત કરાયેલા સમયગાળા દરમિયાન સભ્યએ ફંડ અને કોમોડિટીઝ આ બંન્નેનું સંપૂર્ણ 'સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ' નિયત સમયગાળા અને ફોર્મેટમાં તેના ગ્રાહકને મોકલવાનું રહેશે. વધુમાં, સ્ટેટમેન્ટમાં એવું પણ દર્શાવેલું હોવું જોઈએ કે જો સ્ટેટમેન્ટમાં કોઇ ભૂલ હોય તો જ્યાં વેપાર કરવામાં

આવ્યો હોય ત્યાં સભ્ય (સ્ટૉક બ્રોકર) ને તે અંગેની રસીદમાંથી સંબંધિત ઍક્સચેન્જ દ્વારા સમયાંતરે નિયત કરેલા સમયની અંદર ગ્રાહક, સ્ટેટમેન્ટમાં તેની જાણ કરશે.

38. સભ્યએ દૈનિક ધોરણે ગ્રાહકોને માર્જિન સ્ટેટમેન્ટ મોકલશે. માર્જિન સ્ટેટમેન્ટમાં બીજી બાબતોની સાથે સાથે કોલેટરલ ડિપોઝિટ, કોલેટરલનો ઉપયોગ અને કોલેટરલ સ્ટેટસ (ઉપલબ્ધ બેલેન્સ / ગ્રાહકની બાકી રકમ) સાથ રોકડની બાબતે બ્રેક અપ, ફિક્સ્ડ ડિપોઝિટ રિસિપ્ટસ (FDR), બેન્ક ગેરંટી, વેઅર હાઉસ રિસિપ્ટ અને સિક્યોરિટીઝનો સમાવેશ થઇ શકે છે.

39. ગ્રાહકે એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે તેની પાસે કાનૂની ક્ષમતા, તેનો ઉપયોગ અને સભ્ય સાથે સંબંધ કરવામાં પોતાની ફરજો અને બાંયધરીને નિભાવવા માટે સક્ષમ છે. તમામ લેવડ-દેવડ સંબંધિત બાબતો પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાની તમામ પ્રક્રિયાઓ થવી જોઈએ અને ગ્રાહકે આ પ્રકારના વ્યવહાર કરતાં પહેલાં પ્રક્રિયાઓને પૂર્ણ કરવાની રહેશે.

40. સભ્ય પોતાનું સભ્યપદનું સમર્પણ કરે તો, સભ્ય રોકાણકર્તાને જો કોઇ હોય તો તે દાવાઓને આમંત્રણ આપી જાહેર નોટિસ આપશે. એક્સચેન્જના ટ્રેડિંગ સિસ્ટમ પર ચલાવાતા વ્યવહારોને લગતા દાવાના કિસ્સામાં ખાતરી કરો કે ગ્રાહક નક્કી સમયગાળામાં અને સહાયક દસ્તાવેજો સાથે એક્સચેન્જ સાથે દાવો નોંધાવે.

41. A. અયોગ્ય વર્તન સામે રક્ષણ જેમાં ભ્રામક વર્તણૂક અને અપમાનજનક વર્તનનો સમાવેશ થાય છે

   a. નાણાકીય ઉત્પાદનો અથવા નાણાકીય સેવાઓ સંબંધમાં અયોગ્ય વર્તન પ્રતિબંધિત છે.

   b. "અયોગ્ય વર્તન"નો અર્થ સભ્ય અથવા તેના નાણાંકીય પ્રતિનિધિ દ્વારા સભ્ય દ્વારા કૃત્ય અથવા ચૂક કે જે નોંધપાત્રરીતે નબળું હોય અથવા નોંધપાત્રરીતે ઘટે તેવી શક્યતા છે, ગ્રાહકની માહિતગાર ટ્રાન્ઝેક્શનલ નિર્ણય લેવાની ક્ષમતા અને તેમાં સમાવિષ્ટ છે -

      i. 41.B મુદ્દા હેઠળ ભ્રામક વર્તન

      ii. 41.C મુદ્દા હેઠળ અપમાનજનક વર્તન

      iii. આવા અન્ય વર્તન કે જેની સ્પષ્ટા કરી શકાય.

41. B.

   a. નિર્ધારક પરિબળ સંબંધમાં સભ્ય અથવા તેના નાણાકીય પ્રતિનિધિ દ્વારા આચર ભ્રામક છે જો તે ગ્રાહકના ટ્રાન્ઝેક્શનલ નિર્ણય લેવા માટેનું કારણ બની શકે કે જે ગ્રાહકે અન્યથા ન લીધેલ હોય, અને આચરણમાં સમાવિષ્ટ છે -

      i. ગ્રાહકને અચોક્કસ માહિતી અથવા માહિતી કે જેને સભ્ય અથવા તેના નાણાકીય પ્રતિનિધિને લાગે કે સાચી નથી તે પૂરી પાડવી; અથવા

      ii. ભ્રામક રીતે ગ્રાહકને સચોટ માહિતી પૂરી પાડવી.

   b. મુદ્દો 41.B.a હેઠળ વર્તન ભ્રામક છે કે નહિ તે નક્કી કરવા, નીચેના પરિબળોને "નિર્ધારક પરિબળો" તરીકે ગણવામાં આવે છે -

      i. નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવાના તેની વિશેષતાઓ, લાભો અને ગ્રાહકોને જોખમો સહિતની મુખ્ય લાક્ષણિકતાઓ;

      ii. ચોક્કસ નાણાકીય ઉત્પાદન અથવા નાણાકીય સેવા માટે ગ્રાહકની જરૂર અથવા ગ્રાહક માટે ટકાઉપણું;

iii. નાણાકીય ઉત્પાદ અથવા નાણાકીય સેવા માટે કરવામાં આવતી વિચારણા અથવા જે રીતે વિચારણા કરવામાં આવે છે;

iv. નાણાકીય કરારમાં અસ્તિત્વ, બાકાત અથવા કોઈપણ શબ્દ અસર; કે જે નાણાકીય કરાર સંદર્ભમાં સામગ્રી શરત છે;

v. સભ્યની ઓળખ, નિયામક સ્થિતિ અને જોડાણ સહિત સભ્યની પ્રકૃતિ, વિશેષતાઓ અને હકો; અને

vi. કોઇપણ કાયદા અથવા નિયમનો હેઠળ ગ્રાહકના હકો.

41. C.

a. સભ્ય અથવા તેના નાણાકીય પ્રતિનિધિનું વર્તન નાણાકીય ઉત્પાદન અથવા નાણાકીય સેવા સંબંધમાં અપમાનજનક છે જો તે -

i. જબરદસ્તી અથવા અનુચિત પ્રભાવનો ઉપયોગ થાય છે; અને

ii. ગ્રાહક દ્વારા અન્યથા ન લેવાયેલ હોય તેવા ટ્રાન્ઝેક્શનલ નિર્ણય લેવાનું કારણ બને અથવા બની શકે તેઈ શક્યતા છે.

b. વર્તન જબરજસ્તીનું અથવા અનુચિત પ્રભાવનો ઉપયોગ કરે છે તે નક્કી કરવામાં, નિમ્ન લિખિતને ધ્યાનમાં લેવાવું જ જોઇએ -

i. સમય, સ્થાન, પ્રકૃતિ અથવા આચાર દ્રઢતા;

ii. જોખમી અથવા અપમાનજનક ભાષા કે વર્તનનો ઉપયોગ;

iii. ગ્રાહકની કોઇ ખાસ કમનસીબી અથવા સંજોગોમાં શોષણ, કે જેના વિશે સભ્યને જાણ હોય, તેનો ઉપયોગ ક્રી ગ્રાહકના નાણાકીય ઉત્પાદન અથવા નાણાકીય સેવા સંબંધમા નિર્યણને પ્રભાવિત કરવું;

iv. સભ્ય દ્વારા લાદવામાં કોઈપણ બિન કરાર અવરોધો જે જયાં ગ્રાહક નાણાકીય કરાર હેઠળ અધિકારો નો ઉપયોગ ઈચ્છે છે, જેમાં સમાવિષ્ટ છે -

v. નાણાકીય કરાર સમાપ્ત કરવાનો હક;

vi. અન્ય નાણાકીય ઉત્પાદન અથવા અન્ય સભ્ય પર ખસવાનો અધિકાર અને

vii. કયા સંજોગોમાં ધમકી આપવામાં આવે છે તેને આધારે કોઇપણ પગલાં લેવાની ધમકી.

ઈલેક્ટ્રોનિક કોન્ટ્રાક્ટ નોટ્સ (ECN)

42. જો ગ્રાહક કોન્ટ્રાક્ટ નોટ ઈલેક્ટ્રોનિક રીતે મેળવવાનો વિકલ્પ પસંદ કરે તો તેણે સભ્યને યોગ્ય ઈ-મેઈલ આઈડી (ગ્રાહક દ્વારા બનાવવામાં આવેલ) સભ્યને (કૃપા કરી જોડાણ 3નું પરિશિષ્ટ A જૂઓ) આપવાનું રહેશે. સભ્યએ સુનિશ્ચિત કરવાનું રહેશે આ સંબંધિત સમય સમયે જારી કરવામાં આવેલ નિયમો/વ્યપાર નિયમો/ પેટા નિયમો/ પરિપત્રો અનુસરવામાં આવે છે. ગ્રાહક પત્ર દ્વારા ઈ-મેઈલ આઈડીમાં ફેરફાર અંગે સભ્યને માહિતી આપી શકે છે. જો ગ્રાહકે ઈન્ટરનેટ ટ્રેડિંગનો વિકલ્પ પસંદ કર્યો હોય તો તેણે ગ્રાહક આધારિત યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને સિક્યોર એક્સેસ દ્વારા ઈ-મેઈલ આઈડીમાં બદલાવ અંગેનું સૂચન આપવું જોઈએ.

43. સભ્યએ એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવેલા તમામ ECN ડિજિટલ રીતે સહી કરેલા, એનક્રિપ્ટ, નોન-ટેમ્પરેબલ અને IT એક્ટ, 2000ની જોગવાઈઓનું પાલન કરતાં હોય. જો ECN ઈ-મેઈલ

દ્વારા એક એટેચમેન્ટમાં મોકલવામાં આવ્યું હોય તો એટેચ કરેલી ફાઈલ પણ ડિજિટલ સિગ્નેચર સાથે, એનક્રિપ્ટ અને નોન-ટેમ્પરેબલ હોવી જોઈએ.

44. ગ્રાહકે એ બાબતની નોંધ રાખવાની રહેશે કે સભ્ય દ્વારા આપવામાં આવેલ બાઉન્સ મેઈલ નોટિફિકેશનથી કોન્ટ્રેકટ નોટની ડિલિવરી ગ્રાહકના ઈ-મેઈલ આઇડી ઉપર જોવા મળશે.

45. સભ્ય એક્સચેંજ દ્વારા નક્કી કરાયેલી પદ્ધતિ અનુસાર અને IT એક્ટ, 2000 ની જોગવાઈઓનું પાલન કરવા તથા SEBI/કોમોડીટીઝ એક્સચેંજ દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવેલા નિયમો/ પરિપત્રો/માર્ગદર્શિકાઓ પ્રમાણે ECN અને ઈ-મેઈલની પહોંચ સોફ્ટ અને નોન-ટેમ્પરેબલ રીતે સાચવી રાખવાની રહેશે. ડિલિવરીનો પુરાવો એટલે કે કોન્ટ્રાક્ટ નોટ મોકલતી વખતે તૈયાર થયેલા લોગ રિપોર્ટને સભ્યએ SEBI/કોમોડીટીઝ એક્સચેંજીસ દ્વારા જારી કરવામાં આવેલ વિસ્તૃત નિયમો/ પરિપત્રો/માર્ગદર્શિકાઓ મૂજબ ચોક્કસ સમયગાળા સુધી સાચવવાના રહેશે. લોગ રિપોર્ટ કોન્ટ્રાક્ટ નોટની વિગતો ધરાવતો હોવો જોઈએ કે જે ગ્રાહકને ડિલિવર થયો નથી અથવા ઈ-મેઈલ મળ્યો નથી કે બાઉન્સ બેક થયો છે. સભ્યએ SEBI/કોમોડીટીઝ એક્સચેંજીસ દ્વારા જારી કરવામાં આવેલ વિસ્તૃત નિયમો/પરિપત્રો/માર્ગદર્શિકાઓ અનુસાર નિયત સમયગાળાની અંદર બાઉન્સ મેઈલની રિસિપ્ટ મેળવવાનું સુનિશ્ચિત કરવા માટે શક્ય હોય તેટલાં પ્રયત્નો કરવા જોઈએ.

46. જે ગ્રાહકે ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા કોન્ટ્રાક્ટ નોટ મેળવવાનો વિકલ્પ પસંદ કરતા નથી તેમને સભ્યએ સતત ભૌતિક રીતે કોન્ટ્રાક્ટ નોટ મોકલવાની રહેશે. જ્યારે ગ્રાહકને ECNની ડિલિવરી ન થઈ હોય અથવા ગ્રાહકના ઈ-મેઈલ આઈડી દ્વારા તેને નકારી દેવામાં (ઈ-મેઈલ બાઉન્સ થવા) આવ્યું હોય ત્યારે સભ્યએ SEBI/કોમોડીટીઝ એક્સચેંજીસની નિયમનો/ નિયમો, પેટા નિયમો, વ્યપારના નિયમો અને પરિપત્રો હેઠળ ચોક્કસ સમયગાળામાં ગ્રાહકને ભૌતિક કોન્ટ્રાક્ટ નોટ મોકલવાની રહેશે અને આ પ્રકારની ભૌતિક કોન્ટ્રાક્ટ નોટની ડિલિવરીનો પુરાવો સાચવવાનો રહેશે.

47. ગ્રાહકને ECNની વિગતો મોકલવાની સાથે-સાથે સભ્યએ વેબસાઈટ ઉપર પણ ECNની વિગતો પ્રસિદ્ધ કરવાની રહેશે, ગ્રાહક વેબસાઈટ ઉપર પણ સુરક્ષિત રીતે આ વિગતો જોઈ શકે તે માટે ગ્રાહકને યુનિક યુઝર નેમ અને પાસવર્ડ આપવાનો રહેશે, આ સાથે ગ્રાહક ઈલેક્ટ્રોનિક રીતે કોન્ટ્રાક્ટ નોટ સેવ કરે અને/અથવા તેની પ્રિન્ટ આઉટ લઈ શકે તેવો પણ વિકલ્પ આપવાનો રહેશે.

48. ઈલેક્ટ્રોનિક કરાર નોંધ (ECN) ગ્રાહક પાસેથી મેળવવામાં આવેલ ઘોષણાપત્ર કે જે ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં કોન્ટ્રેક્ટ નોટ પ્રાપ્ત કરવા માટે પસંદ કર્યું હોય. જયાં સુધી ગ્રાહક સાથે રદ્દ કરવામાં ન આવે ત્યાં સુધી ઘોષણાપત્ર માન્ય રહેશે.

કાયદો અને અધિકાર ક્ષેત્ર

49. આ દસ્તાવેજમાં ઉલ્લેખ કરાયેલા ચોક્કસ હક્કો ઉપરાંત સભ્ય, અધિકૃત વ્યક્તિ અને ગ્રાહક અન્ય હક્કો પણ અજમાવવાના હકદાર છે અને જે એક્સચેંજીસમાં ગ્રાહકે ટ્રેડ કરવાનું પસંદ કર્યું હોય તેના નિયમો, પેટા-નિયમો અને વ્યપારના નિયમો તેમજ SEBI દ્વારા નિયમો હેઠળ જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસો ગ્રાહક અને સભ્યને લાગુ પડે છે.

50. આ દસ્તાવેજની જોગવાઈઓ હંમેશા સરકારના જાહેરનામા, અન્ય નિયમો, માર્ગદર્શિકાઓ અને SEBI દ્વારા જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસ તેમજ જ્યાં ટ્રેડ અમલમાં મુકાઇ હોય તે સંબંધિત કોમોડીટીઝ એક્સચેંજના નિયમો, વ્યપારના નિયમો અને પેટા-નિયમોને આધિન છે અને તે જે-તે સમયે લાગુ રહેશે.

51. સભ્ય અને ગ્રાહક આર્બિટ્રેશન એન્ડ કન્સિલેશન એક્ટ, 1996 હેઠળ આર્બિટ્રેટર(સ) દ્વારા લેવાયેલા નિર્ણયને સ્વીકારવા બંધાયેલા છે. જો કોઈ પક્ષને આર્બિટ્રેશનના નિર્ણયથી સંતોષ ન થાય તો જ અપીલ કરવાની જોગવાઈ પણ છે.

52. આ દસ્તાવેજમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો અને પ્રતિક્રિયાઓ કે જેને અહીં વ્યાખ્યાયિત કરવામાં નથી આવ્યાં, પરંતુ તેનો મતલબ એક્સચેંજીસ/SEBI દ્વારા જાહેર કરાયેલા નિયમો, પેટા-નિયમો અને નિયમનો/ વ્યપારના નિયમો તેમજ પરિપત્રો/ નોટિસના પ્રમાણે જ થશે.

53. સભ્ય દ્વારા પોતાની મેળે/ બિન-ફરજિયાત ઉમેરવામાં આવેલા દરેક કલમ/દસ્તાવેજો એક્સચેંજીસ/SEBIના નિયમો, વ્યપારના નિયમો/નોટિસ/પરિપત્રોથી વિપરીત હોવા જોઈએ નહીં. આ પ્રકારના જાતે ઉમેરવામાં આવેલી કલમો/દસ્તાવેજ(જો) 15 દિવસની અગાઉની નોટિસથી બદલી શકાય છે. એક્સચેંજીસ/SEBI દ્વારા હક્કો અને ફરજોમાં કરાયેલા કોઈપણ પ્રકારના બદલાવ અંગે ગ્રાહકનું ધ્યાન દોરવાનું રહેશે.

54. જો SEBIના નિયમો અથવા જ્યાં ટ્રેડ અમલમાં મુકાઇ હોય તે કોમોડિટીઝ એક્સચેંજીસના પેટા-નિયમો, નિયમો અને વ્યપારના નિયમોમાં પક્ષોના હક્કો અને ફરજોમાં કોઈપણ પ્રકારના ફેરફાર અથવા બદલાવ કરવામાં આવે તો આ દસ્તાવેજમાં દર્શાવેલા હક્કો અને ફરજોમાં પણ તે ફેરફારો અથવા બદલાવને સમાવિષ્ટ કરવામાં આવશે.

55. સભ્યોએ દર મહિને તેમના ગ્રાહકોને એકાઉન્ટ સ્ટેટમેન્ટ મોકલવા જરૂરી છે.

સભ્ય દ્વારા ગ્રાહકને ઉપલબ્ધ કરાવવામાં આવતી ઈન્ટરનેટ અને વાયરલેસ ટેકનોલોજી આધારિત ટ્રેડિંગ સુવિધા

('*હક્કો અને ફરજો*' દસ્તાવેજ(જો)માં ઉલ્લેખ કરાયેલી તમામ કલમો લાગુ પડશે.
વધુમાં, નીચે દર્શાવવામાં આવેલી કલમો પણ લાગુ પડશે.)

1. સભ્ય વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈન્ટરનેટ બેઝ્ડ ટ્રેડિંગ (IBT) અને કોમોડીટીઝ ટ્રેડિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે લાયક છે, જેમાં મોબાઈલ ફોન, લેપટોપ સહિત ડેટા કાર્ડ કે જેમાં ઈન્ટરનેટ પ્રોટોકોલ (IP)નો ઉપયોગ થાય છે તેનો સમાવેશ થાય છે. સભ્યએ વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગથી ઈન્ટરનેટ બેઝ્ડ ટ્રેડિંગ/કોમોડીટીઝ ટ્રેડિંગ સંબંધિત SEBI અને એક્સચેંજીસ દ્વારા સમયાંતરે નક્કી કરેલી તમામ બાબતોને પરિપૂર્ણ કરશે.

2. ગ્રાહક કોમોડિટીઝમાં રોકાણ/ટ્રેડિંગ કરવાની ઈચ્છા ધરાવે છે અને આ હેતુ માટે કે ઈન્ટરનેટ આધારિત ટ્રેડિંગ સુવિધા અથવા વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કોમોડિટીઝમાં ટ્રેડિંગ કરવાની ઈચ્છા રાખે છે. સભ્યએ ગ્રાહકને સભ્યની IBT સર્વિસ ઉપલબ્ધ કરાવવી જોઈએ અને એક્સચેંજીસ/SEBI દ્વારા નક્કી કરાયેલા નિયમો પ્રમાણે સભ્યની IBT વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી શરતો અને નિયમો તેમજ SEBI/એક્સચેંજીસની જોગવાઈઓ અનુસાર ગ્રાહકે સભ્યની આઈબીટીનો ઉપયોગ કરવો જોઈએ.

3. સભ્યએ વાયરલેસ ટેકનોલોજી/ઈન્ટરનેટ અથવા અન્ય કોઈ ટેકનોલોજી મારફતે કોમોડિટીઝમાં ટ્રેડિંગ સાથે સંકળાયેલા વિશેષતાઓ, પરિબળો, જોખમો, જવાબદારીઓ, ફરજો અને લાયાબિલિટી સંબંધિત તમામ જાણકારીઓ ગ્રાહકના ધ્યાને લાવવી જોઈએ, આ ઉપરાંત ગ્રાહક દ્વારા ઉપયોગમાં લેવાતી અન્ય ટેકનોલોજી અંગે સભ્ય દ્વારા ધ્યાન દોરવું જોઈએ.

4. સભ્યએ ગ્રાહકને એ બાબતની જાણકારી આપવી જોઈએ કે સભ્યની IBT સિસ્ટમ પોતાની મેળે પ્રારંભિક પાસવર્ડ તૈયાર કરે છે અને તેની પાસવર્ડની નીતિ એક્સચેંજીસ/SEBIના નિયમો પ્રમાણે ઘડવામાં આવી હોય છે.

5. યુઝરનેમ અને પાસવર્ડની ગુપ્તતા જાળવવા માટે ગ્રાહક જવાબદાર હોય છે અને સભ્યની IBT સિસ્ટમનો ઉપયોગ કરીને ગ્રાહકના યુઝરનેમ અને/અથવા પાસવર્ડનો ઉપયોગ કરીને અન્ય કોઈ વ્યક્તિ અથવા અનધિકૃત વ્યક્તિ દ્વારા કરાયેલા તમામ ઓર્ડર અને લેવડ-દેવડ માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર રહે છે. વધુમાં, ગ્રાહકને ટેકનોલોજીની અધિકૃતતા અને તેમજ વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈન્ટરનેટ ટ્રેડિંગ/કોમોડીટીઝ ટ્રેડિંગ સંબંધિત કડક કોમોડિટીઝ પગલા અંગેની જાણકારી હોય છે તેમજ તેણે એ બાબતની જાણકારી પણ રાખવાની હોય છે કે ગ્રાહક પોતે અને/અથવા તેના અધિકૃત પ્રતિનિધિ અન્ય કોઈ વ્યક્તિ તેમજ કર્મચારીઓ અને સભ્યના ડિલર્સ સમક્ષ પાસવર્ડની જાણકારી આપે નહીં, તે બાબત સુનિશ્ચિત કરવાની રહે છે.

6. જો ગ્રાહક પોતાનો પાસવર્ડ ભૂલી જાય, સભ્યની IBT સિસ્ટમમાં સિક્યોરિટીમાં ખામી જણાય, શંકાસ્પદ ફેરફારો નોંધે, પોતાના યુઝરનેમ/પાસવર્ડ/એકાઉન્ટમાં બિનસત્તાવાર એક્સેસ થયું હોવાનું નોંધે તો તેણે આ બિનસત્તાવાર ઉપયોગની તમામ વિગતો, તારીખ, પ્રકાર અને લેવડ-દેવડ સંબંધિત તાત્કાલિક સભ્યને લેખિતમાં જાણકારી આપવાની રહેશે.

7. ગ્રાહક વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈન્ટરનેટ/કોમોડિટીઝ ટ્રેડિંગ દ્વારા ઓર્ડર આપવા સાથે સંકળાયેલા તમામ જોખમોથી સંપૂર્ણપણે માહિતગાર છે અને તેને સમજે છે. ગ્રાહકના યુઝરનેમ/પાસવર્ડના ઉપયોગથી કરવામાં આવતી કોઈપણ લેવડ-દેવડ માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર છે.

8. ગ્રાહકની અરજીને આધારે સભ્યએ ઓર્ડર/ટ્રેડ સંબંધિત પુષ્ટિ ઈમેઈલ દ્વારા તેને મોકલવાની રહેશે. ગ્રાહકને એ બાબતની જાણકારી છે કે ઓર્ડર/ટ્રેડ પુષ્ટિ પણ વેબ પોર્ટલ ઉપર આપવામાં આવે છે. જો ગ્રાહક વાયરલેસ ટેકનોલોજીનો ઉપયોગ કરતો હોય તો સભ્ય ગ્રાહકના ડિવાઈસ ઉપર જ ઓર્ડર/ટ્રેડ પુષ્ટિ સંબંધિત માહિતી મોકલી શકે છે.

9. ગ્રાહકને એ બાબતની જાણકારી છે કે ઈન્ટરનેટ ઉપર ટ્રેડિંગ સાથે ઘણાં અનિશ્ચિત પરિબળો અને જટિલ હાર્ડવેર, સોફ્ટવેર, સિસ્ટમ, કમ્યુનિકેશન લાઈન, પેરિફેરલ વગેરે સંકળાયેલા હોય છે, જેના કારણે અવરોધો સર્જાવાની શક્યતાઓ રહેલી હોય છે. સભ્ય અને એક્સચેંજ આમાં કોઈપણ પ્રકારનું પ્રતિનિધિત્વ કરતાં હોતા નથી અથવા ખાતરી આપતા નથી કે ગ્રાહકને કોઈપણ પ્રકારના અડચણ વિના સભ્યની IBT સર્વિસ દરેક સમયે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

10. કોઈપણ પ્રકારે ગ્રાહક/સભ્ય/એક્સચેંજ ખાતે લિન્ક/સિસ્ટમ ખોરવાઈ જવાને કારણે સભ્યની IBT સિસ્ટમ રદ્દ થઈ જવા, અવરોધ સર્જાવા, ઉપલબ્ધ ન હોવી અથવા તે ખોરવાઈ જવા અથવા સર્વિસ અથવા એક્સચેંજીસની સેવાઓ અથવા સિસ્ટમ અથવા પોતાના ઓર્ડર ઉપર અમલીકરણ ન થવાના કિસ્સામાં ગ્રાહકના ઓર્ડર પર અમલીકરણ ન થવાના કિસ્સામાં ગ્રાહક એક્સચેંજ અથવા સભ્ય ઉપર દાવો કરી શકશે નહીં, આમાં સભ્ય/એક્સચેંજીસના અંકુશમાં ન હોય તેવા કારણોનો સમાવેશ થાય છે.

પરિશિષ્ટ - 2
રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ

એક્સચેન્જ સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે કોઈ બાંયધરી આપતું નથી કે આ ખુલાસા દસ્તાવેજો પૂર્ણ છે અથવા તે પૂર્ણ હોવા અંગે કે ચોક્સાઈ અંગે કોઈ રજુઆત કરવામાં આવતી નથી, કે એક્સચેંજ કોમોડિટી ડેરિવિટીવ્ઝ(Commodity Derivatives) માર્કેટ/ટ્રેડિંગમાં કોઈપણ હિસ્સેદારનું સમર્થન કે પ્રચાર કરતા નથી. આ ટૂંકા ખુલાસાના નિવેદનમાં ટ્રેડિંગના તમામ જોખમો અને અન્ય મહત્વના પાસાને આવરી લેવાયા નથી. આથી તમારે તેમાં સંકળાવવા પહેલાં કાળજીપૂર્વક ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગનો અભ્યાસ કરવો જોઇએ.

સંલગ્ન જોખમોના સંદર્ભમાં, તમે જેમાં પ્રવેશવાના છો તે કરાર સંબંધની પ્રકૃતિને બરાબર સમજો અને તમારા માટે કેટલું જોખમ છે તે સમજો પછી જ તમારે સોદા કરવા જોઈએ.

તમારે એ હકીકત જાણવી અને સમજવી જોઈએ કે કોમોડિટી(Commodities) ભવિષ્યના કરારો/ ડેરિવેટિવ્ઝ અથવા કોમોડિટી એક્સચેંજ (Commodity Exchanges) પર રોકાણ થતા અને વિવિધ પ્રકારનું જોખમ ધરાવતા અન્ય સાધનોમાં સોદા કરવા મર્યાદિત સ્રોત/મર્યાદિત રોકાણ અને/અથવા ટ્રેડિંગનો અનુભવ કે ઓછી જોખમ ક્ષમતા ધરાવતી વ્યક્તિ માટે યોગ્ય નથી. તેથી તમારે કાળજીપૂર્વક વિચારવું જોઈએ કે તમારી નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખતા આ પ્રકારન સોદા તમારા માટે યોગ્ય ગણાય કે નહીં. જો એક્સચેંજમાં તમે સોદા કરો અને તમને વિપરીત પરિણામો અથવા નુકસાન જાય તો,તેના માટે માત્ર તમે જવાબદાર હશો અને એક્સચેંજ તેના માટે કોઈપણ રીતે જવાબદાર રહશે નહીં, અને એવી અરજી નહીં કરી શકાય કે સંકળાયેલા જોખમ અંગે પૂરતા પ્રમાણમાં ખુલાસો કરવામાં આવ્યો ન હતો અથવા સંબંધિત સભ્ય (Members / Stock Brokers) દ્વારા તમને જોખમની સંપૂર્ણ માહિતી આપવામાં આવી ન હતી. ગ્રાહક (client / investor)તમામ પરિણામ માટે પોતે જવાબદાર હશે અને તેના અંગે કોઈ કરાર થઈ શકશે નહીં.

તમારે એ માનીને સ્વીકૃતિ આપવી જોઇએ અને સ્વીકારવું જોઈએ કે એક્સચેંજમાં કોમોડિટીઝ ડેરિવેટિવ્ઝની ખરીદી અને/અથવા વેચાણ પર નફો થવાની કે ખોટ નહીં થવાની કોઈ ગેરંટી આપી શકાય નહીં.

તમારે એ સ્પષ્ટ રીતે સમજવું જોઈએ કે સભ્ય મારફત એક્સચેંજમાં તમારા સોદા સભ્ય દ્વારા નક્કી કરવામાં આવેલી કેટલીક વિધિને પૂર્ણ કરવાને આધિન રહેશે, *બીજી બાબતોની સાથોસાથ,* તેમાં તમારા ગ્રાહકને જાણો ફોર્મ ભરવું સામેલ છે, તથા નિયમો, પેટાનિયમો અને વ્યપારના નિયમો, SEBI દ્વારા સમયાંતરે નિર્ધારિત માર્ગદર્શિકાને આધિન છે અને પરિપત્રો કે જે એક્સચેંજીસ અથવા દ્વારા સમયાંતરે જાહેર કરાઇ શકાશે.

એક્સચેંજીસ કોઈ સલાહ આપતા નથી કે તે માટેની ભલામણ કરતા નથી અને એક્સચેંજના કોઇપણ સભ્ય સાથે કે આ દસ્તાવેજમાં સમાવિષ્ટ કોઇપણ માહિતીના આધારે ત્રીજા પક્ષકાર સાથે વ્યવસાયના સંબંધમાં દાખલ થયેલ કોઈપણ

વ્યક્તિને જવાબદાર રહેશે નહીં. આ દસ્તાવેજમાં આપવામાં આવેલી કોઈપણ માહિતીને વ્યાપારની સલાહ/ રોકાણની સલાહ ગણવી જોઈએ નહીં. આ પ્રકારના સોદા સાથે સંકળાયેલ જોખમોને સમજ્યા વગર કે તેની સમીક્ષા વગર સોદાનો કોઈ વિચાર કરવો જોઈએ નહીં. તમને કોઈ બાબતની શંકા હોય તો, તેના માટે વ્યવસાયિક સલાહ મેળવો.

સોદા કરવા કે નહીં તે નક્કી કરતા પહેલાં તમારે નીચેની બાબતોથી વાકેફ થવું જરૂરી છે:-

1. **એક્સચેંજના કોમોડિટીના ભવિષ્યના કરારો અને અન્ય કોમોડીટી ડેરિવેટિવ્સ સાધનોના ટ્રેડિંગ સાથે સંકળાયેલ મૂળ જોખમો.**

   i. **વધારે વોલેટિલિટી (અસ્થિરતા)નું જોખમ**

   કોમોડીટી એક્સચેંજમાં ટ્રેડિંગ પ્રવૃત્તિ ચાલુ હોય ત્યારે કોમોડીટી ડેરિવેટિવ્સ કરારમાં ગતિશીલ ઉતાર-ચઢાવ આવે તેને વોલેટિલિટી કહે છે. સામાન્ય રીતે, કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં વોલેટિલિટી જેમ વધારે તેમ તેના ભાવમાં વધારે ઉતાર-ચઢાવ આવે છે. ઓછી ટ્રેડ થતી કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં સક્રિય રીતે કોમોડીટીઝ/કોન્ટ્રાક્ટની સરખામણીમાં વધારે વોલેટિલિટી હોઇ શકે છે. વોલેટિલિટીના પરિણામે, તમારા ઓર્ડર આંશિક રીતે અમલ થાય અથવા બિલકુલ અમલ ન થાય તેવી શક્યતા રહે છે અથવા તમારો ઓર્ડર જે ભાવે અમલમાં મૂકાય તે ભાવ છેલ્લા ટ્રેડ થયેલા ભાવ કરતા ઘણો અલગ હોય અથવા ત્યારબાદ બદલાય તેવી શક્યતા રહે છે તેથી વાસ્તવિક નુકસાન થઈ શકે.

   ii. **નીચી તરલતાનું જોખમ**

   a. બજારના હિસ્સેદારો સ્પર્ધાત્મક ભાવે અને ઓછામાં ઓછા ભાવના તફાવતે ઝડપથી કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટનું વેચાણ અને/અથવા ખરીદી કરી શકે તેને તરલતા કહે છે. સામાન્ય રીતે, એવું માનવામાં આવે છે કે બજારમાં જેટલા પ્રમાણમાં ઓર્ડર વધારે હશે એટલી તરલતા વધુ રહેશે. તરલતા મહત્ત્વપૂર્ણ છે કારણ કે તરલતા વધારે હોય તો રોકાણકારો ઝડપથી અને ભાવના લઘુત્તમ તફાવત સાથે કોમોડીટી ડેરિવેટિવ્ઝની ખરીદી અને/અથવા વેચાણ કરી શકે છે, અને પરિણામે રોકાણકારોને ખરીદવામાં આવેલા કે વેચાયેલા કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ માટે વધુ સ્પર્ધાત્મક ભાવ મળવાની શક્યતા રહે છે. સક્રિય કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની સરખામણીમાં કેટલીક કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં તરલતાનું પ્રમાણ નીચું રહેવાનું જોખમ હોઇ શકે છે. પરિણામે, તમારા ઓર્ડર આંશિક રીતે અમલમાં મૂકાઇ શકે અથવા ભાવના મોટા તફાવત સાથે અમલમાં થઇ શકે કે બિલકુલ અમલ ન થાય તેવી શક્યતા રહે છે.
   b. અમુક કોમોડીટીની ડિલવરી આપવી અને/અથવા લેવાના હેતુસ વગર વેચવા કે ખરીદવામાં પણ નુકસાન જવાની શક્યતા રહી શકે છે કારણ કે આવી સ્થિતિમાં કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ અપેક્ષિત ભાવના સ્તર કરતા નીચા/ઊંચા ભાવે વેચાયા/ખરીદાયા હોઈ શકે છે, જેથી આવી કોમોડીટીઝ ડિલિવર કરવાની / સ્વીકારવાની કોઇ ફરજ ન હોય.

   iii. **વિસ્તૃત સ્પ્રેડનું જોખમ**

a. સ્પ્રેડ એ શ્રેષ્ઠ ખરીદ ભાવ અને શ્રેષ્ઠ વેચાણ ભાવ વચ્ચેનો તફાવત છે. તે કોમોડીટી ડેરિવેટિવ્ઝ ખરીદવાના ભાવ અને તરત વેચવાના તથા તેનાથી ઉંધી સ્થિતિમાં તફાવત દર્શાવે છે. ઓછા તરલ કે બિન તરલ કોમોડીટીઝ/ કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ માટે ઓછી તરલતા અને વધારે તરલતા હોય ત્યારે સામાન્ય કરતા વધારે સ્પ્રેડ થઈ શકે છે. તેનાથી અંતે વધુ સારા ભાવની રચનાને અસર થશે.

iv. **જોખમ ઘટાડતા ઓર્ડર**

a. મોટા ભાગના એક્સચેન્જો પાસે રોકાણકારો માટે "લિમિટ ઓર્ડર્સ", "સ્ટોપ લોસ ઓર્ડર" આપવાની સુવિધાઓ હોય છે. આવા ઓર્ડરો મૂકવા (જેમ કે "સ્ટોપ લોસ" ઓર્ડર અથવા "લિમિટ" ઓર્ડર) ઘણી વાર અસરકારક પુરવાર નહીં થાય કારણ કે બજારની સ્થિતિમાં ઝડપી હિલચાલથી આવા ઓર્ડરનો અમલ કરવો અશક્ય બની જશે.

b. વિરુદ્ધ બાજુએ કેટલા ઓર્ડર ઉપલબ્ધ છે, તેના આધારે ભાવ ગમે તે હોય, "માર્કેટ" ઓર્ડરનો તાત્કાલિક અમલ થશે, અને ગ્રાહકને "માર્કેટ" ઓર્ડરનું તત્કાળ અમલીકરણ મળી શકે છે પરંતુ અમલીકરણ બાકી રહેલ ઓર્ડરના ઉપલબ્ધ ભાવે થઈ શકે છે જે ઓર્ડરન જથ્થાને, ભાવના સમયની પ્રાથમિકતાના આધારે અલમમાં મુકાય છે. અહીં એ સમજવું આવશ્યક છે કે છેલ્લે ટ્રેડ થયેલા ભાવ કરતા અથવા તે કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના શ્રેષ્ઠ ભાવ કરતા આ ભાવ ઘણો અલગ હોઈ શકે છે.

c. "લિમિટ" ઓર્ડર ત્યારે જ અમલી બનશે જ્યારે તે ઓર્ડર માટે નક્કી કરાયેલી "લિમિટ" ના ભાવ અથવા વધુ સારા ભાવે પહોંચે. ગ્રાહકને ભાવમાં રક્ષણ મળે છે ત્યારે સાથે સાથે તે ઓર્ડર અમલ જ ન થાય તેવી પણ શક્યતા રહે છે.

d. સ્ટોપ લોસ ઓર્ડર સામાન્ય રીતે કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના વર્તમાન ભાવથી "દૂર" ના ભાવે મૂકાય છે અને આવા કોન્ટ્રાક્ટ સ્ટોપ પ્રાઈસ પર પહોંચે અથવા તે ભાવ પર ટ્રેડ થાય ત્યારે ઓર્ડર સક્રિય થાય છે. સામાન્યપણે સેલ સ્ટોપ ઓર્ડર ચાલુ ભાવથી નીચા ભાવે મૂકવામાં આવે છે, જ્યારે બાય સ્ટોપ ઓર્ડર ચાલુ ભાવથી ઊંચા ભાવે મૂકાય છે. જ્યારે કોન્ટ્રાક્ટ પૂર્વનિર્ધારિત ભાવે પહોંચે અથવા તે ભાવે ટ્રેડ થાય ત્યારે સ્ટોપ લોસ ઓર્ડર માર્કેટ/લિમિટ ઓર્ડરમાં રૂપાંતરિત થાય છે અને તે લિમિટ પર અથવા વધુ સારા ભાવે અમલી બને છે. લિમિટ ઓર્ડર અમલમાં આવશે જ તેની કોઈ ખાતરી નથી કારણ કે કોન્ટ્રાક્ટ પૂર્વનિર્ધારિત ભાવને છેદી શકે છે, અને આવા કિસ્સામાં આવા ઓર્ડર અમલમાં ન મૂકાય તેવી શક્યતા ઉભી થાય છે જે સામાન્ય લિમિટ ઓર્ડરમાં પણ હોય છે.

v. **સમાચારની જાહેરાત થવાનું જોખમ**

a. કોમોડિટીઝ અને/અથવા કોમોડિટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના ભાવને અસર કરી શકે તેવા સમાચારની જાહેરાત ટ્રેડર્સ/ ઉત્પાદનકર્તાઓ દ્વારા કરવામાં આવી છે. આ જાહેરાત ટ્રેડિંગ દરમિયાન થઈ શકે છે, અને નીચી તરલતા અને ઊંચી વોલેટિલિટી હોય ત્યારે કોમોડિટીઝ / કોમોડિટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના ભાવમાં અણધારી હકારાત્મક અથવા નકારાત્મક હિલચાલ થઈ શકે છે.

vi. **અફવાઓનું જોખમ**

a. કોમોડિટીના ભાવ અંગે બજારમાં ઘણી વાર મોઢેથી, અખબારો, વેબસાઈટ અથવા ન્યૂઝ એજન્સીઓ વગેરે દ્વારા અફવાઓ ફેલાય છે, રોકાણકારોએ સાવધ રહેવું જોઈએ અને અફવાઓના આધારે પગલાં ન લેવા જોઈએ.

vii. **સિસ્ટમનું જોખમ**

a. બજાર ખૂલે ત્યારે અને બંધ થાય તે પહેલાં ઘણી વાર ઊંચા વોલ્યુમમાં ટ્રેડિંગ થાય છે. આવું ઉંચું વોલ્યુમ દિવસમાં કોઈપણ સમયે રચાઈ શકે છે. તેનાથી ઓર્ડરના અમલીકરણ અથવા પુષ્ટિમાં વિલંબ થઈ શકે છે.

b. વોલેટિલિટીના સમયગાળામાં, બજારના હિસ્સેદારો તેમના ઓર્ડરનો જથ્થો અથવા ભાવો સતત સુધારતા રહે અથવા નવો ઓર્ડર મૂકતા રહે તો ઓર્ડરના અમલીકરણ અને તેની પુષ્ટિમાં વિલંબ થઈ શકે છે.

c. બજારની ચોક્કસ સ્થિતિમાં, પોઝિશનને બજારમાં વાજબી ભાવે અથવા કોઈપણ ભાવે વટાવવી મૂશ્કેલ અથવા અશક્ય બની શકે છે, જ્યારે ખરીદી કે વેચાણની બાજુએ કોઈ બાકી ઓર્ડર નીકળતા ન હોય અથવા કોઈ અસામાન્ય ટ્રેડિંગ પ્રવૃત્તિ અથવા કિંમત સર્કિટ લિમિટ ફિલ્ટરને સ્પર્શી જાય અથવા બીજું કોઈ કારણ હોય તેના કારણે કોમોડિટીઝમાં ટ્રેડિંગ અટકાવવામાં આવે.

viii. **સિસ્ટમ/નેટવર્ક ગીચ થઈ જવી**

a. એક્સચેંજમાં ટ્રેડિંગ ઈલેક્ટ્રોનિક રીતે, સેટેલાઈટ/લીઝ્ડ લાઈન આધારિત કોમ્યુનિકેશનથી થાય છે જેમાં ટેકનોલોજી તથા કમ્પ્યુટર સિસ્ટમ એમ બંનેનો સંયુક્તમાં ઉપયોગ કરીને ઓર્ડર પ્લેસ અને રૂટ કરવામાં આવે છે. તેથી, કોમ્યુનિકેશન નિષ્ફળ જવાની અથવા સિસ્ટમની સમસ્યા પેદા થવાની કે સિસ્ટમ તરફથી ધીમો કે વિલંબિત પ્રતિભાવ મળવાની કે ટ્રેડિંગ અટકી જવાની શક્યતા રહે છે અથવા કોઈ એવી સમસ્યા/ખામી પેદા થઈ શકે જેમાં ટ્રેડિંગ સિસ્ટમ/નેટવર્કને એક્સેસ કરી ન શકાય જે નિયંત્રણથી બહાર હોય અને જેનાથી પ્રોસેસિંગમાં વિલંબ થઈ શકે અથવા આંશિક રીતે કે પૂર્ણ રીતે ખરીદી કે વેચાણના ઓર્ડરનું પ્રોસેસિંગ ન થઈ શકે. તમને એ નોંધવા માટે સાવધ કરવામાં આવે છે કે આવી સમસ્યા કામચલાઉ પ્રકારની હોઈ શકે છે, પરંતુ તમારી પાસે બાકી રહેલી ઓપન પોઝિશન

અથવા અમલ ન થયેલા ઓર્ડર હોય ત્યારે તમામ એક્ઝિક્યુટ થયેલા સોદાને સેટલ કરવાની તમારી જવાબદારીના કારણે તમારા માટે જોખમી બની શકે છે.

2. **જયાં સુધી ભવિષ્યના કોમોડિટી ડેરિવેટિવ્ઝને લાગે વળગે છે ત્યાં સુધી, નીચેની વધારાની વિશેષતાઓની નોંધ કરો અને તમારી જાતને તેનાથી વાકેફ કરો:-**

"લિવરેજ" અથવા "ગિયરિંગ" ની અસર:

a. કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના મૂલ્યની સરખામણીમાં માર્જિનની રકમ બહુ નાની હોય છે, તેથી સોદા 'લિવરેજ' અથવા 'ગિયર્ડ' થાય છે. પ્રમાણમાં નાના માર્જિનથી કરવામાં આવતા કોમોડીટી ડેરિવેટિવ્ઝ સોદા, મુખ્ય રોકાણની રકમના સાપેક્ષમાં ભારે ખોટ અથવા નફો કરવાની શક્યતા ધરાવે છે. પરંતુ કોમોડીટી ડેરિવેટિવ્ઝમાં સોદા કરવામાં ભારે જોખમ રહેલું છે. તેથી કોમોડીટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં સોદા કરતા પહેલાં તમારે નીચેના નિવેદનને બરાબર સમજી લેવું જોઇએ અને પોતાના સંજોગો, નાણાકીય સ્રોત વગેરેને ધ્યાનમાં રાખીને સાવધાનીથી ટ્રેડિંગ કરવાની સલાહ આપવામાં આવે છે.

b. ફ્યુચર્સ કોમોડીટી ડેરિવેટીવ્ઝમાં તમામ પોઝિશનનું દૈનિક સેટલમેન્ટ થાય છે. દરરોજ કિંમતના બંધ ભાવના આધારે ઓપન પોઝિશનને માકર્ડ ટુ માર્કેટ કરવામાં આવે છે. જો કોન્ટ્રાક્ટ તમારાથી વિરુધ્ધ હોય તો, આવી હિલચાલથી તમને ગયેલા નુકસાન (કાલ્પનિક)ની રકમ તમારે જમા કરવી પડશે. આ માર્જીન નિર્ધારિત સમય-મર્યાદામાં ચૂકવવાની રહેશે, સામાન્ય રીતે બીજા દિવસે ટ્રેડિંગ શરૂ થવા અગાઉ ચૂકવવી પડશે.

c. જો તમે અંતિમ મર્યાદા સુધીમાં વધારાની માર્જીન જમા કરવામાં નિષ્ફળ જાવ કે તમારા એકાઉન્ટમાં દેવું બાકી નીકળતું હશે તો એક્સચેન્જના સભ્ય તમારી સમગ્ર કે આંશિક પોઝિશન વેચી શકે છે. આવા કિસ્સામાં, આવા વેચાણ/બંધ કરવાનાના કારણે તમને થયેલા નુકસાન બદલ તમે જવાબદાર રહેશો.

d. બજારની ચોક્કસ સ્થિતિમાં, રોકાણકારને સોદો કરવાનું મૂશ્કેલ અથવા અશક્ય જણાઈ શકે છે. ઉદાહરણ તરીકે, બિનતરલતા જેવા પરિબળોના કારણે આવી સ્થિતિ સર્જાઇ શકે છે જ્યારે અપૂરતા પ્રમાણમાં બિડ કે ઓફર હોય અથવા પ્રાઈસ લિમિટ કે સર્કિટ બ્રેકર વગેરેના કારણે ટ્રેડિંગ રદ્દ કરવામાં આવ્યું હોય.

e. બજારમાં સ્થિરતા જાળવવા માટે માર્જિન રેટમાં ફેરફાર, કેશ માર્જિન રેટમાં વધારો જેવા પગલાં લઈ શકાય છે. આ નવા પગલાં વર્તમાન ઓપન ઈન્ટરેસ્ટને લાગુ થઈ શકે છે. આવી સ્થિતિમાં, તમારે વધારાનું માર્જિન મૂકવું પડશે અથવા તમારી પોઝિશન ઘટાડવી પડશે.

f. તમે તમારા એક્સચેન્જના સભ્યને તમે જેમાં ટ્રેડ કરવા માંગતા હો તે કોમોડિટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની તમામ વિગત પૂરી પાડવા જણાવી શકો છો, જેમ કે કોન્ટ્રાક્ટની વિશેષ માહિતી અને સંલગ્ન જવાબદારીઓ.

3. **વાયરલેસ ટેકનોલોજી અથવા અન્ય કોઈ ટેકનોલોજી મારફતે ટ્રેડિંગ:**

વાયરલેસ ટેકનોલોજી અથવા અન્ય કોઈપણ ટેકનોલોજી મારફતે કોમોડિટી ટ્રેડિંગ સાથે સંલગ્ન કોઈ પણ વિશેષતાઓ, જોખમો, જવાબદારીઓ, ફરજો અને બોજને કોઈ અન્ય રીતે વ્યાખ્યાયિત કરવામાં આવતું હોય તો સભ્ય મારફત તે ક્લાયન્ટના ધ્યાને લાવવું જોઇએ.

4. સામાન્ય

i. **જમા કરાવેલ રોકડ અને મિલકત:**

પેઢી દેવાદાર અથવા નાદાર બની જાય તેવી ખાસ ઘટનામાં તમારે તમે જમા કરાવેલ પૈસા અથવા અન્ય મિલકતને સુરક્ષા પૂરી પાડવા સાથે પરિચિત થવું જોઇએ. તમે તમારા પૈસા કે મિલકત વસૂલ કરી શકો તે હદ ચોક્કસ કાયદા અથવા સ્થાનિક નિયમો દ્વારા સંચાલિત કરી શકાય છે. કેટલાક અધિકારક્ષેત્રોમાં, મિલકત, કે જે ચોક્કસ પણે તમારી પોતાની કહેવાય છે, તે જે રીતે યથાયોગ્ય થઈ જશે, કારણ કે વિતરણ હેતુ રોકડમાં ઘડાડો થાય છે. એક્સચેન્જના સભ્ય સાથે કોઇ વિવાદ કિસ્સામાં, એ જ નિયમો, પેટાનિયમો અને વેપારના નિયમો મૂજબ આર્બિટ્રેશન વિષય રહેશે.

ii. **કમિશન અને અન્ય ચાર્જીસ:**

તમે ટ્રેડ કરવાની શરૂઆત કરો તે પહેલાં, તમારે કમિશનો, ફી અને અન્ય ચાર્જીસ કે જેના માટે તમે જવાબદાર હશો તે અંગે સ્પષ્ટ સમજણ મેળવશો. આ ચાર્જીસ તમારા ચોખ્ખા નફા (જો કોઇ હોય) તેને અસર કરશે અથવા તમારૂ નુકસાન વધારશે.

iii. સભ્યો / અધિકૃત વ્યક્તિઓ (Authorized Persons)/ ક્લાઈન્ટોના અધિકારો અને જવાબદારીઓ, કૃપયા *જોડાણ 3* સંદર્ભ લો.

iv. 'હિસ્સેદાર' શબ્દના અર્થમાં ક્લાયન્ટ, ગ્રાહક અથવા રોકાણકાર સામેલ છે જે એક્સચેંજ દ્વારા પૂરા પાડવામાં આવેલા મિકેનિઝમ મારફત સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ ખરીદવા અને/અથવા વેચવા સ્ટોક બ્રોકર સાથે સોદા કરે છે.

v. 'સભ્ય' શબ્દનો અર્થ ટ્રેડિંગ મેમ્બર, અથવા સભ્ય/બ્રોકર થાય છે, જેને એક્સચેંજ દ્વારા સામેલ કરવામાં આવેલ હોય અને જે SEBI નું નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય.